અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ એપ્રિલ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૪ | અંક : ૨૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# મોદીના સત્તામાં રહેતા દેશની જમીન પર એક ઈંચ પણ કબજો ન કરી શકે : રાજનાથ સિંહ

## ઉત્તરપૂર્વીય રાજ્યમાં ૩૦ સ્થળોના નામ બદલવાના ચીનના નિર્ણયથી જમીની હકીકત બદલાશે નહીં : રાજનાથસિંહ

। (એજન્સી) નામસાઈ, તા.૧૧ ।

દેશમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે તેમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાડોશી દેશ ચીન અને પાકિસ્તાનને લઈને કહ્યું કે, ભારત પર ખરાબ નજર રાખનારાને જડબાતોડ જવાબ આપવામાં આવશે. વડાપ્રધાન મોદીના સત્તામાં રહેતા દેશની જમીન પર એક ઈંચ પણ કબજો ન કરી શકે. પાકિસ્તાનને આતંકવાદના પરિણામ ભોગવવા પડશે. જીવનમાં મિત્ર બદલી શકાય છે પરંતુ પાડોશી નહીં. પીઓકે આપણું હતું, છે અને રહેશે. જો પાકિસ્તાનને લાગે છે કે તેઓ આતંકવાદીઓને કાબૂ કરવામાં અસમર્થ છે, તો ભારત મદદ કરવા માટે તૈયાર છે. પાકિસ્તાને આતંકવાદના પરિણામ ભોગવવા પડશે.'

અરૂણાચલ પ્રદેશના નામસાઈ વિસ્તારમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા રાજનાથ સિંહે કહ્યું કે, હું ચીનને પૂછવા માગુ છું કે જો અમે પાડોશી દેશના અલગ અલગ રાજ્યોના નામ બદલી નાખીશું તો શું તે આપણા થઈ જશે? આવી જ ગતિવિધિઓના કારણે સંબંધ ખરાબ થઈ રહ્યા છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ અગાઉ પણ અરુણાચલ પ્રદેશમાં ઘણી જગ્યાઓના નામ બદલવા પર ચીનને આડેહાથ લીધું હતું. રાજનાથ



સિંહે કહ્યું હતું કે, 'શું નામ બદલવાથી પાડોશી દેશના વિસ્તારો ભારતનો ભાગ બની જશે? ઉત્તરપૂર્વીય રાજ્યમાં ૩૦ સ્થળોના નામ બદલવાના ચીનના નિર્ણયથી જમીની હકીકત બદલાશે નહીં. અમે અમારા બધા પ ડોશીઓ સાથે સારા સંબંધો જાળવી રાખવા માગીએ છીએ. પરંતુ જો કોઈ અમારા સ્વાભિમાનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે, તો ભારત પાસે યોગ્ય જવાબ આપ વાની ક્ષમતા છે.' ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે જંગનાનમાં પ્રમાણિત ભૌગોલિક નામોની ચોથી યાદી જાહેર કરી હતી. જેમાં ચીન અરુણાચલ પ્રદેશને જંગનાન કહે છે અને દક્ષિણ તિબેટનો ભાગ હોવાનો દાવો કરે છે.આ ઉપરાંત અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોને નવા નામ આપ્યા હતા, જે પહેલી મેથી લાગુ થશે. ભારતે ચીન દ્વારા અરુણાચલ પ્રદેશના કેટલાક સ્થળોના નામ બદલવાના નિર્ણયને મૂર્ખામીભર્યો ગણાવીને નકારી દોધી હતો અને કહ્યું હતું કે, આમ કરવાથી એ હકીકત બદલાશે નહીં કે અરુણાચલ હંમેશા ભારતનું જ રહેશે.

અગાઉ વર્ષ ૨૦૧૭માં પણ ચીને અરુણાચલ પ્રદેશમાં છ સ્થળો માટે પ્રમાણિત નામોની પ્રાથમિક યાદી જાહેર કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં ૧૫ સ્થાનોના નામ ધરાવતી બીજી યાદી જાહેર કરી હતી. જો કે, ભારતે અરુણાચલ પ્રદેશના વિસ્તારો પર દાવો કરવાના ચીનના પ્રયાસને નકારી કાઢ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### ખાતામાં આવશે એક લાખ રૂપિયા, એક ઝટકામાં હટાવી દઇશું ગરીબીઃ રાહુલ ગાંધી

। (એજન્સી) બિકાનેર, તા.૧૧ ।

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં ૧૨ બેઠક પર ચૂંટણી યોજાશે. અહીં બિકાનેર લોકસભા બેઠક પર કોંગ્રેસે ગોવિંદ રામ મેઘવાલને મેદાનમાં ઉતાર્યા છે. તેમના સમર્થનમાં આજે (ગુરુવાર) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સભા યોજી હતી. સભાને સંબોધતા તેમણે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસની સરકાર બનશે તો કોંગ્રેસને જનતાને આપેલાવચનોપણયાદકરાવ્યા. પોતાના ભાષણમાં ગરીબ પરિવારોને દર મહિને ૮૫૦૦ રૂપિયા આપવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'દેશમાંથી ગરીબી દૂર કરવાનું કામ કરશે.'

### બ્રિટનમાં વિઝા શરતોની ઉલ્લંઘન મામલે સરકારની લાલ આંખ

। (એજન્સી) બ્રિટન, તા.૧૧ ।

બ્રિટનમાં વિઝા શરતોનું ઉલ્લંઘન કરવા બદલ અનેક ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામ ભારતીય વિઝા નિયમોનો ભંગ કરીને ગેરકાયદેસર ધંધામાં સામેલ હતા, પરંતુ બ્રિટિશ અધિકારીઓના હાથે ઝડપાઈ ગયા હતા. બ્રિટિશ ઈમિગ્રેશન અધિકારીઓએ ૧૧ પુરૂષો અને એક મહિલા સહિત ૧૨ ભારતીય નાગરિકોની વિઝા શરતોનું ઉલ્લંઘન કરીને ગાદલું અને કેક ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે કામ કરવાની શંકાના આધારે ધરપકડ કરી છે.

### અમેરિકાને ડર છે કે ચીન અવકાશમાં જાસૂસી કરી રહ્યું છે!

। (એજન્સી) આર્જેન્ટિના, તા.૧૧ ।

આર્જેન્ટિનાની નબળી અર્થવ્યવસ્થાનો ફાયદો ઉઠાવીને ચીને આર્જેન્ટીના પર દબાણ કર્યું છે અને ત્યાં એક મોટું ગુપ્ત લશ્કરી મથક બનાવ્યું છે. ૨૦૦ એકરમાં ફેલાયેલા આ ચાઈનીઝ બેઝમાં ૧૬ માળની ઉંચી વિશાળ એન્ટેના છે. વર્ષ ૨૦૧૪માં ચીને પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવા માટે આર્જેન્ટિનાની અગાઉની સરકાર પાસેથી ૫૦ વર્ષના લીઝ પર આ જમીન લીધી હતી. આર્જેન્ટિનામાં યુએસ એમ્બેસેડર માર્ક સ્ટેનલીએ કહ્યું છે કે આર્જેન્ટિનાના ન્યુક્વેન વિસ્તારમાં સ્થિત આ સ્પેસ સ્ટેશન ચીની સેના દ્વારા સંચાલિત છે.

## ૧૫થી વધુ ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા

# હરિયાણામાં સ્કુલ બસ પલટી જતા આઠ બાળકોના મોત થયા

### સ્થાનિક લોકોના આરોપ બાદ પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે શું બસ ડ્રાઈવર નશામાં હતો કે કેમ?

। (એજન્સી) મહેન્દ્રગઢ, તા.૧૧ ।

હરિયાણાના મહેન્દ્રગઢમાં એક ભીષણ માર્ગ અકસ્માતમાં આઠ બાળકોના મોત નીપજ્યા છે. ગુરુવારે સવારે એક સ્કૂલ બસ બેકાબૂ થઈને પલટી ગઈ હતી. આ બસમાં લગભગ ૩૫થી ૪૦ બાળકો સવાર હતાં. ઘટના બાદ તેમાંથી ૧૫ બાળકોને ઈજા પહોંચી છે, જેમને નજીકના હોસ્પિટલ ખસેડાયા છે. આ બાળકોમાંથી ગંભીર રીતે એક ઈજાગ્રસ્ત બાળકને વેન્ટિલેટર પર રખાયો હતો. જોકે, થોડા સમય બાદ તેનું પણ મૃત્યુ થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ઘટના મહેન્દ્રગઢ જિલ્લાના કનીના વિસ્તારની છે. ઘટનાનો ભોગ બનનાર બસ એક ખાનગી સ્કૂલની છે. ઘટનામાં લગભગ ૧૫ બાળકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના કનીબા વિસ્તારના નજીકના કનીના-દાદરી રોડ પર ઘટી હતી. આ ઘટના બાદ



તાત્કાલિક સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિકોનો દાવો છે કે બસ ડ્રાઈવર નશાની હાલતમાં હતો.

થોડા સમય બાદ પોલીસ અને તંત્રની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ અને રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ઈજાગ્રસ્ત બાળકોને સારવાર માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. સ્થાનિક લોકોના આરોપ બાદ પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે શું બસ ડ્રાઈવર નશામાં હતો કે કેમ?

### મુંબઇના કેપ્ટન હાર્દિક પંડ્યા સાથે ચાર કરોડની છેતરપિંડી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

ક્રિકેટર હાર્દિક પંડ્યા અને તેના ભાઈ કૃણાલ પંડ્યા સાથે છેતરપિંડી કરનાર આરોપીની મુંબઈની ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપી પંડ્યા બ્રધર્સનો સાવકો ભાઈ વૈભવ છે. કેસ ૨૦૨૧નો છે જ્યારે આરોપી વૈભવે પંડ્યા બ્રધર્સ સાથે મળીને પોલિમર બિઝનેસની કંપની શરૂ કરી હતી. આ કંપનીમાં હાર્દિક અને કૃણાલનો હિસ્સો ૪૦-૪૦ ટકા હતો, વૈભવનો ૨૦ ટકા હિસ્સો હતો. ભાગીદારીની શરતો અનુસાર, કંપનીનો નફો ત્રણમાં વહેંચવાનો હતો. કંપનીના નફાની રકમ પંડ્યા બ્રધર્સને આપવાને બદલે આરોપી વૈભવે અલગ કંપની બનાવી નફાની રકમ તેમાં ટ્રાન્સફર કરી હતી.

## ખુદ ઈલોન મસ્કે કરી દીધી જાહેરાત

# ઈલોન મસ્કએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તેમની મુલાકાતની પુષ્ટિ કરી

### એલોન મસ્કએ X પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં તેની ભારતની મુલાકાત વિશે માહિતી આપવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક ટૂંક સમયમાં ભારતની મુલાકાતે આવી રહ્યા છે. વિશ્વના સૌથી અમીર વ્યક્તિઓમાંના એક એલોન મસ્ક પણ તેમની ભારત મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવાના છે. આ માહિતી ખુદ ઈલોન મસ્ક દ્વારા આપવામાં આવી છે. છેલ્લી રાત્રે ૧૦ એપ્રિલે એલોન મસ્કએ એક્સ પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં તેની ભારતની મુલાકાત વિશે માહિતી આપવામાં આવી હતી. પોસ્ટમાં ટેસ્લાના સીઈઓએ જણાવ્યું કે તેઓ ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા જઈ રહ્યા છે. ઈલોન મસ્ક છેલ્લા એક વર્ષમાં બે વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા છે. પરંતુ, આ પહેલીવાર હશે જ્યારે ઈલોન મસ્ક ભારતમાં જ પીએમ મોદીને મળશે. ઈલોન મસ્કની આ



મુલાકાતને લઈને અનેક અટકળો લગાવવામાં આવી રહી છે.

ઈલોન મસ્ક પોતાની કંપની ટેસ્લાને ભારતીય બજારમાં લોન્ચ કરવા જઈ રહી છે. ટેસ્લાના ઈલેક્ટ્રિક વાહનને ભારતીય બજારમાં લોન્ચ કરવાની યોજના પર કામ શરૂ થઈ ગયું છે. ટેસ્લા એ વિશ્વમાં ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરતી સૌથી મોટી કંપનીઓમાંની એક છે. પરંતુ, ટેસ્લાએ હજુ સુધી ભારતીય બજારમાં કોઈ મોડલ લોન્ચ કર્યું નથી.

## મુઇઝુ સત્તામાં આવ્યા બાદ ૨૬ ભારતીય સૈનિકોની પ્રથમ ટુકડી ભારત પરત આવી

# પીએમ મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝૂને ઈદની શુભેચ્છા આપી

### ગયા વર્ષે નવેમ્બરમાં મુઈઝુએ સત્તા સંભાળી ત્યારથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં તણાવ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને ઈદની શુભેચ્છા પાઠવી છે. માલદીવની સરકાર અને લોકોને ઈદની શુભેચ્છા પાઠવતા પીએમ મોદીએ બંને દેશો વચ્ચેના ભૂતકાળના સાંસ્કૃતિક અને સભ્યતાના સંબંધો પર પણ ભાર મૂક્યો હતો.પીએમ મોદીએ સોશિયલ મીડિયા એક્ક્સ પર લખ્યું, 'આજે આપણે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરી રહ્યા છીએ.

આ તહેવાર આપણને સમગ્ર વિશ્વમાં કરુણા, ભાઈચારો અને એકતાના મૂલ્યોની યાદ અપાવે છે, જે શાંતિપૂર્ણ અને સર્વસમાવેશક વિશ્વના નિર્માણ માટે



જરૂરી છે.ભારતીય હાઈ કમિશને ટ્વિટર પરની એક પોસ્ટમાં એમ પણ કહ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ, તેમની સરકાર અને માલદીવના લોકોને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. ભારત-માલદીવના સંબંધોમાં તણાવ ચાલુ છેગયા વર્ષે નવેમ્બરમાં મુઈઝુએ સત્તા સંભાળી ત્યારથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં તણાવ છે.

મુઈઝુ સત્તામાં આવતાની સાથે જ માલદીવમાં હાજર ભારતીય સૈનિકોને પાછા ખેંચવા માટે દબાણ કરવાનું શરૂ કરી દીધું હતું. પોતાના ચૂંટણી પ્રચારમાં ભારતીય સૈનિકોની હકાલપટ્ટીને મુદ્દો બનાવીને તેમણે 'ઈન્ડિયા આઉટ'નું સૂત્ર આપ્યું હતું. મુઈઝુને ચીનનો સમર્થક માનવામાં આવે છે.માલદીવમાં ત્રણ એવિએશન પ્લેટફોર્મ પર ૮૮ ભારતીય સૈનિકો તૈનાત હતા. મુઈઝુ સત્તામાં આવ્યા બાદ ૨૬ ભારતીય સૈનિકોની પ્રથમ ટુકડી ભારત પરત આવી છે. તેમની જગ્યાએ ૨૬ ભારતીય નાગરિકોને ત્યાં મોકલવામાં આવ્યા છે.માલદીવ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતનો મુખ્ય પાડોશી છે.

આ ઉપરાંત મોદી સરકારની 'નેબરહુડ ફર્સ્ટ પોલિસી' જેવી પહેલોમાં પણ તેનું વિશેષ સ્થાન છે.તેથી જ માલદીવ ખાસ છેજો ત્યાં કંઈક છે જે માલદીવને ખાસ બનાવે છે, તો તે હિંદ મહાસાગરમાં આવેલું છે. માલદીવના નાના અને મોટા ટાપુઓ શિપિંગ લેનની બાજુમાં છે જ્યાંથી ચીન, જાપાન અને ભારતને ઊર્જા પૂરી પાડવામાં આવે છે. માલદીવ હિંદ મહાસાગરમાં ૯૦ હજાર ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે.

## તિહાર જેલમાં પૂછપરછ બાદ એક્શન

# CBIએ બીઆરએસ નેતા કે.કવિતાની ધરપકડ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

CBIએ દિલ્હીના કથિત દારૂ કૌભાંડ કેસમાં બીઆરએસ નેતા કે.કવિતાની ધરપકડ કરી છે. કવિતા હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે અને તિહાર જેલમાં બંધ છે. કવિતાની સીબીઆઈએ જેલમાં પૂછપરછ કરી હતી. કવિતાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ૧૫ માર્ચે કથિત કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ ઈડી અને સીબીઆઈ કેસ માટે વિશેષ જજ કાવેરી બાવેજા (રાઉઝ એવન્યુ કોર્ટ)ને જણાવ્યું હતું



કે કોર્ટના આદેશ બાદ તેણે ૬ એપ્રિલે ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) કવિતાની પૂછપરછ કરી હતી. આ પહેલા મંગળવારે રાઉઝ એવન્યુ કોર્ટે બીઆરએસ નેતા કે કવિતાની ન્યાયિક કસ્ટડી ૨૩ એપ્રિલ સુધી વધારી દીધી હતી. કવિતાએ કહ્યું કે આ કેસ માત્ર નિવેદનો પર આધારિત છે.



## ન્યુઝ બોક્ષ

### ચૂંટણી ટાણે જ ભાજપ ના ૧૦૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

। (એજન્સી) કપડવંજ, તા.૧૧ ।

લોકસભા ચૂંટણી પહેલા પક્ષ પલટાનો પવન ફૂંકાઈ રહ્યો છે. જેમાં કેટલાક રાજકીય અગ્રણીઓ ભાજપ માંથી કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે તો કેટલાક જિલ્લાઓમાં કોંગ્રેસમાંથી ભાજપ માં ભળી રહ્યાં છે. આ રાજકીય ચહલ પહલ વચ્ચે કપડવંડના ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે. તૂટતી કોંગ્રેસ વચ્ચે કપડવંડમાં ભાજપના કાર્યકરોએ કોંગ્રેસનો પંજો પકડ્યો છે. ચૂંટણી નજીક આવતા કાર્યકરોનું એક પક્ષ છોડી બીજા પક્ષમાં જવું જાણે સામાન્ય વાત બની ગઈ છે. અમદાવાદમાં ભાજપના કાર્યકરોએ પક્ષપલટો કર્યો છે.કપડવંજમાં ભાજપ ને ઝટકો વધુ એક ઝટકો લાગ્યો છે. છીપડી ગામના ભાજપના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે. પંચાયત સદસ્ય, કિશાન મોરચાના અધ્યક્ષ તેમજ ખેડૂત આગેવાનો સહિત ૧૦૦ જેટલા લોકો કોંગ્રેસમાં જોડાયા છે. તેમનું કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સ્વાગત કરી ખેસ પહેરાવ્યો હતો.ક્ષત્રિય સમાજનું અપમાન થતાં ભાજપ છોડ્યાનો ખુલાસો જગદીશસિંહ ઝાલાએ કર્યો હતો.

### માણેકચોકમાં ચાલતા જતા વ્યક્તિના હાથમાં રહેલા રોકડની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદનાં માણેકચોક વિસ્તારમાંથી ચાલતા જતા વ્યક્તિના હાથમાં રહેલા રોકડની ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે મુંબઈથી આ ગુનામાં સામેલ ૩ આરોપી ઓની ધરપકડ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ફહીમ શાહીદ ખાન, સાલેહીન શેખ, અબુ ફઝલ ખાન નામના આરોપી ઓની ધરપકડ કરી તપાસ કરતા સામે આવ્યું કે આરોપી ઓની સાથે સહ આરોપી સુફીયાન કુરેશી, અફ્સરઅલી અંસારી, જાવા, સમીર, અને અફ્સર ઉર્ફે લમ્બુ શેખ દ્વારા ગુનાને અંજામ આપ્યો હતો. ૨૧ મી માર્ચના રોજ લૂંટના ઈરાદે તેઓ ટ્રેન મારફતે મુંબઈથી અમદાવાદ આવ્યા હતા અને શાહઆલમ દરગાહ ખાતે જિયારત કરી રીક્ષામાં બેસી જામા મસ્જિદ પાસે માણેક ચોકમાં ગયા હતા. જ્યાં ભોગ બનનારને ટાર્ગેટ કરી ભીડનો લાભ લઈને સુફીયાન ઉર્ફે ટીપુ એ પૈસાની થેલી ઝુંટવી હતી અને અન્ય આરોપી ઓની મદદથી ત્યાંથી નીકળી મુંબઈ ભાગી ગયા હતા.

### સુરતમાં ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીએ આપઘાતનો પ્રયાસ કર્યો

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરત સિવિલ હોસ્પિટલમાં આવેલ ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીએ હોસ્ટેલના રૂમમાં દોરી બાંધી આપઘાતનો પ્રયાસ કર્યો છે. જોકે, સાથી વિદ્યાર્થીઓ સમયસર પહોંચી જતાં તેને બચાવી લઈ સારવાર માટે બાઈક પર ટ્રોમાં સેન્ટરમાં લઈ ગયા હતા. પોલીસ આ કેસમાં કોઈ પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાની શક્યતા ચકાસી રહી છે. મૂળ ભાવનગરનાં વતની અને હાલ મજુરા ગેટ સ્થિત સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત સરકારી ફિઝિયોથેરાપી કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતો ૧૯ વર્ષીય સત્યમ હોસ્પિટલના હોસ્ટેલમાં રહે છે. મંગળવારે બપોરે સત્યમને સાથી વિદ્યાર્થીઓએ ફોન કર્યો પણ જવાબ નહીં મળતા વારંવાર ફોન કરતા હતા.

### રાજ્યમાં અકસ્માતની ચાર ઘટનામાં કુલ ૧૦ વ્યક્તિના મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

સોનગઢના હીરાવાડી ગામથી પસાર થતા રસ્તા પર ગમખ્વાર અકસ્માતમાં ૪નાં કમકમાટીભર્યા મોત થયા છે. પગપાળા રસ્તે જતા વૃદ્ધાને બચાવવા જતા કાર ઝાડ સાથે ભટકાઈ હતી. જેમાં વૃદ્ધા સહિત કારમાં સવાર ત્રણ લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. તમામ ઘાયલોને વ્યારા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લાના ધોરાજી નજીક ગમખ્વાર અકસ્માતમાં ચારના કમકમાટીભર્યાં મોત નિપજ્યાં છે. ધોરાજી ભાદર-૨ નદીના પુલ ઉપરથી કાર નદીમાં નીચે ખાબકી હતી. તપાસમાં સામે આવ્યું કે, ધોરાજીના રહેવાસી દિનેશભાઈ ઠુંમર તેમના પત્ની લીલાવંતીબેન તેમજ તેમની પુત્રી હાર્દિકા અને તેમના પાટલા સાસુનું મોત નિપજ્યુ છે.

---

**પાટીલની હાજરીમાં ભાજપના ઉમેદવારની જીભ લપસી**

# આ વખતે અમરેલી ૫૦૦ પાર હશે એમાં કોઇપણ શંકા નથી

## સંમેલનમાં અમરેલી ભાજપ ઉમેદવાર ભરત સુતરીયાએ ભાષણ આપ્યું જેને લઈને થોડીવાર માટે સન્નાટો છવાયો

। અમરેલી, તા.૧૧ ।

લોકસભા ચૂંટણીને લઈને ગુજરાતમાં રાજનેતાઓ પ્રચાર-પ્રસારમાં લાગેલા છે. આ વચ્ચે એક નેતાના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો અમરેલી બેઠક પરના ઉમેદવાર ભરત સુતરીયાનો છે.



અમરેલીમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલની હાજરીમાં બુથ પ્રમુખ અને કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. જેમાં અમરેલી બેઠકના ઉમેદવાર ભરત સુતરીયા, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સાંસદ નારણ કાછડિયા, દિલીપ સંઘાણી અને કૌશિક વેકરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તો સંમેલનમાં બુથ પ્રમુખ અને જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. આ દરમિયાન સી.આર. પાટીલે અમરેલી બેઠકના ભાજપના ઉમેદવારને પાંચ લાખ મતોથી જીતાડવા માટે કાર્યકરોને અપીલ કરી હતી. આ સંમેલનમાં અમરેલી ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાએ ભાષણ આપ્યું હતું. જે દરમિયાન તેમની જીભ લપસી હતી. જેને લઈને થોડીવાર માટે સન્નાટો છવાઈ ગયો હતો.

સી.આર. પાટીલની હાજરીમાં ભરત સુતરીયાએ ભાષણ આપતા કહ્યું હતું કે, 'અબકી બાર ચારસો પાર. ૪૦૦ પાર શું, આપણા અધ્યક્ષ સી.આર.પાટીલે કીધું છે ૫૦૦ પાર. સી.આર. પાટીલ સાહેબને ખાતરી આપીએ છીએ કે આ વખતે અમરેલી ૫૦૦ પાર હશે. એમાં કોઈ શંકા નથી.' તો આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર ભરત સુતરીયાનો વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. તો આ વીડિયોને પોસ્ટ કરતા પરેશ ધાનાણીએ કટાક્ષ પણ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી બેઠક પર ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવાર જાહેર થઈ ચૂક્યા છે. આ બેઠક પર ભાજપ-કોંગ્રેસે લેઉવા પાટીદારને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપ તરફથી ભરત સુતરીયા અને કોંગ્રેસના જેનીબેન ઠુમ્મર ઉમેદવાર છે. ઉપરાંત અમરેલી લોકસભા બેઠક પર ૧૯૫૭થી ૨૦૧૯ સુધીના ઈતિહાસની વાત કરીએ તો, અહીં ૧૬ વખત ચૂંટણી યોજાઈ છે. આ ચૂંટણીઓમાં ૮ વખત કોંગ્રેસ અને ૭ વખત ભાજપની જીત થઈ છે. જ્યારે એક ૧ વખત જનતાદળના ઉમેદવારે જીત નોંધાવી હતી.

---

**અમદાવાદમાં રોગચાળો વકર્યો**

# જાન્યુઆરીથી એપ્રિલ મહિના દરમ્યાન સિઝનલ ફ્લૂના કુલ ૪૩૦ કેસ નોંધાયા

## વટવા અને દાણી લીમડા સહિતના વિસ્તારોમાં ઝાડા-ઉલટીના વધુ કેસ નોંધાયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદમાં રોગચાળો વકર્યો. ઉનાળાની સિઝન શરૂ થતા જ એપ્રિલ મહિનામાં સિઝનલ ફ્લૂના ૪૯ અને કોલેરાના કુલ ૬ કેસ નોંધાયા. ગરમીની સિઝનની હજુ માંડ શરૂઆત થઈ છે ત્યારે લોકો બીમાર પડવા લાગ્યા છે. શહેરમાં સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે.

દર્દીઓની સંખ્યામાં વધારો થવા પાછળ પાણીજન્ય રોગચાળો વકર્યો હોવાનું અનુમાન છે. હોસ્પિટલોમાં ઝાડા-ઉલટી, કમળા અને ટાઈફોઈડની સાથે સિઝનલ ફ્લૂના ૪૯ કેસ નોંધાયા છે. ખાસ કરીને શહેરમાં પૂર્વ વિસ્તાર એવા અમરાઈવાડી, વટવા અને દાણી લીમડા સહિતના વિસ્તારોમાં ઝાડા-ઉલટીના વધુ કેસ



નોંધાયા છે. શહેરમાં સરકારી હોય કે ખાનગી દવાખાનાઓમાં શરદી, ખાંસી અને વાયરલ ફીવરના કેસો વધ્યા છે. દવાખાનામાં દર્દીઓની સંખ્યા વધતા છસ્ઝએ આઈસ ગોલા, શરબતની લારીઓ, પાણીપુરીની લારીઓ અને રોડ પર ઉભા રહેતા વેન્ડરોના ખાદ્ય નમૂનાઓ લીધા છે. આરોગ્ય વિભાગના અધિકારીનું કહેવું છે કે પ્રદૂષિત પાણીના કારણે શહેરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. માર્ચ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૨૩૨ કેસ નોંધાયા હતા અને એપ્રિલ મહિના વધુ ૪૯ કેસ નોંધાયા છે. જાન્યુઆરી મહિનાથી લઈને એપ્રિલ સુધીમાં સિઝનલ ફલુના કુલ ૪૩૦ કેસ નોંધાયા છે. એપ્રિલ મહિનામાં ૬ દિવસમાં ૪૯ કેસો નોંધાયા. સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૧૭ કેસો નોંધાયા. જ્યારે મધ્યઝોનમાં ૬, પૂર્વ ઝોનમાં ૪, ઉત્તરઝોનમાં ૧૧, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં એક કેસ નોંધાયા. શહેરમાં રોગચાળો વકરતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. શહેરના તમામ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લઈને ટેસ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. એપ્રિલ મહિનામાં ૧૪૭૩ પાણીના સેમ્પલ ટેસ્ટ કરાયા તેમાંથી ૩૮ જેટલા સેમ્પલ અનફીટ આવ્યા છે. પ્રદૂષિત પાણીની સમસ્યા હોય તેવા સ્થાનો પર વિભાગને જાણ કરી લાઈનો બદલવાની સૂચના અપાઈ છે.

---

**ભાવનગરથી માલ મંગાવી કોલ્ડ્રીંક્સની દુકાનમાં વેચાતો હતો**

# જૂનાગઢમાં નશીલા સીરપની ૩૪૦૦ બોટલ સાથે બે ઝડપાયા

## જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે જોશીપરાના આંબાવાડીમાં મુકેશ ઘનશ્યામ બજાજની કોલ્ડ્રીંક્સની દુકાનમાં રેડ કરી હતી

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૧ ।

રાજ્યમાં દારૂબંધી વચ્ચે નશીલા સિરપનો નશાનો કારોબાર ફૂલીફાલી રહ્યો છે, ત્યારે જૂનાગઢમાંથી આવા સિરપનો જથ્થો મળી આવ્યો છે. અહીંના જોષીપરામાં કોલ્ડ્રીંકસની દુકાનમાંથી ક્રાઈમ બ્રાન્ચે નશીલું સીરપ જપ્ત કર્યું હતું. આ સાથે વિતરકે આ જથ્થો ડીસ્ટ્રીબ્યુટર પાસેથી ખરીદી કર્યાનું જણાવતાં પોલીસે ત્યાં ત્રાટકી રૂપિયા પાંચ લાખની કિંમતની ૩૪૧૬ બોટલ કબ્જે કરી બે શખ્સોની ધરપકડ કરી છે. આ સાથે ત્રણ સામે ગુનો દાખલ કર્યો હતો. જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે જોશીપરાના આંબાવાડીમાં મુકેશ ઘનશ્યામ બજાજની કોલ્ડ્રીંકસની દુકાનમાં રેડ કરી હતી. અહીંથી નશાકારક હર્બલ સીરપની બોટલો ઝડપી તેના ઘરે દરોડો પાડતા ત્યાંથી સીરપનો જથ્થો મળી આવ્યો હતો. પૂછપરછ દરમ્યાન આ શખ્સે આ જથ્થો જુનાગઢના આદિલ દાઉદ મુલ્લા



પાસેથી મંગાવ્યાની કબુલાત આપી હતી. પોલીસે ત્યાં ત્રાટકી સ્થળ ઉપરથી ૩૪૧૬ બોટલ (કિંમત પાંચ લાખ) સીરપ કબ્જે કર્યુ હતું. આરોપીએ પુછપરછમાં આ જથ્થો ભાવનગરના લખધીરસિંહ જાડેજાએ મોકલ્યો હોવાનું કબૂલ્યું હતું. આ ત્રણેય સામે પોલીસે લોકો સાથે વિશ્વાસઘાત કરી માનવીય જિંદગી સાથે ચેડા કર્યાનો ગુનો નોંધાતા ગેરકાયદે હર્બલ સીરપનું વેંચાણ કરનારાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

---

**સિંહ-વાઘ જોવાનું ટ્વિન એડવેન્ચર મળશે**

# લંડન ઝૂ જેવું સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ટૂંકમાં સફારી પાર્ક બનશે

। (એજન્સી) નર્મદા, તા.૧૧ ।

ગુજરાત સરકારની 'ટ્વીન-એડવેન્ચર' સફારીની દરખાસ્ત હવે મંજૂરી માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (CZAI) પાસે પહોંચી ગઈ છે. આમાં સિંહ અને વાઘ બંને વાઈલ્ડ કેટ્સને રાખીને વિઝિટર્સને તેમને જોવાનો અનેરો આનંદ આપવા માટેનું પાર્ક બનાવવાનું પ્લાનિંગ હતું. વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ યોજનામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે સિંહ અને વાઘ માટે બે અલગ-અલગ છતાં જોડાયેલા સફારી પાર્ક બનાવવાનો પ્લાનિંગ કરાયો છે, જે મુલાકાતીઓને એક જ ટ્રિપમાં ૨ વાઈલ્ડ કેટ્સને જોવાનો લાહવો આપશે.

એકવાર CZAI તેની મંજૂરી આપે, પછી સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી સિંહો અને દેશના અન્ય પ્રાણી સંગ્રહાલયમાંથી વાઘને અહીં લાવવામાં આવશે. આ સફારી પાર્કમાં આઠ સિંહ અને આઠ વાઘ રહેશે. જેમાં દરેક પ્રજાતિના બે નર, બે માદા અને ચાર બચ્ચાનો એક પરિવાર અહીં મુકાશે. હવે અહીં પ્રાણીઓ જોવા માટે આવેલા પ્રવાસીઓ



કાં તો બસ અથવા ખુલ્લી જીપની સવારીની મજા લઈ શકશે એવી પ્રાથમિક માહિતી મળી રહી છે. વરિષ્ઠ વન અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે બે સફારી સ્ટેચ્યુ ઓફ યુનિટીથી કેવડિયામાં મુખ્ય નહેર તરફ ૬ કિમી દૂર સ્થિત ૧૦૦-હેક્ટર વિસ્તારને આવરી લેવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. વાઘ અને સિંહની સફારી હાલની જંગલ સફારીનો ભાગ બનવાનો છે. આ સફારી ઝોનને દેવલિયા સફારી પાર્કની તર્જ પર ડિઝાઈન કરવામાં આવશે અને તેમાં ZSL લંડન ઝૂમાં જોવા મળતા પ્રદર્શનો જેવા જ પ્રદર્શન હશે. એટલું જ નહીં આ સિંહ સફારીનો ઉદ્દેશ્ય એ બતાવવાનો પણ છે કે જંગલનો રાજા ગીરમાં મનુષ્યો સાથે કેવી રીતે સહઅસ્તિત્વ ધરાવે છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં સફારી પર કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. "જંગલ સફારી માટે ટોપોગ્રાફી સારી છે અને આ વિસ્તારમાં સારી સંખ્યામાં વૃક્ષો છે. CZAI પરવાનગી માટે થોડો સમય લાગશે. પરંતુ અહીં પૂર્વ કામગીરી રૂપે માર્ગો એવી રીતે ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે કે પ્રવાસીઓને પ્રાણીઓને જોવાની વધુ તક મળે. તે તેમના માટે વાઈલ્ડલાઈફ સફારીનો સારો અનુભવ પણ હશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU)ની મુલાકાત લેનારાઓ આ સફારીની મજા માણવા માંગશે. ૨૦૧૮મા અધિકારીઓએ કેવડિયા નજીક એક ઓપન સફારી શરૂ કરવાનું વિચાર્યું પરંતુ જંગલ સફારી કાર્યરત થયા પછી ચાર વર્ષ પછી તેને સ્થગિત કરવાનું નક્કી કર્યું હતું. વન વિભાગ વાઘ માટે ઓપન સફારીને ડાંગના ઝંખના અને જોબરી ગામોમાં ૨૯ હેક્ટરમાં શિફ્ટ કરવા માગે છે જે શરૂઆતમાં ચિત્તા સફારી માટે નક્કી કરવામાં આવી હતી.

---

**ગુજરાતમાં ૧ લાખ કરોડનું મોટું રોકાણ આવ્યું**

# ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટથી લાખોને રોજગારી મળશે

## કંડલામાં ગ્રીન હાઇડ્રોજન એકમો સ્થાપશે : દેશની ટોચની ચાર કંપનીઓને આ માટે જમીન ફાળવણી કરાઈ

। (એજન્સી) કંડલા, તા.૧૧ ।

ગુજરાતની જમીન સોના કરતા પણ વધુ કિંમતી બની રહી છે. ત્યારે હવે ગુજરાતમાં એક લાખ કરોડનું જંગી રોકાણ આવી રહ્યું છે. કંડલામાં ગ્રીન હાઈડ્રોજન એકમો સ્થાપશે. દેશની ટોચની ચાર કંપનીઓને આ માટે જમીન ફાળવણી કરવામા આવી છે. રિલાયન્સ, એલ એન્ડી, ગ્રીનકો અને વેલસ્પાન કંડલામાં પોતાના ગ્રીન હાઈડ્રોજન એકમો સ્થાપશે. કેંદ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ટવીટ કરીને આ માહિતી આપી છે. આ રોકાણ ગુજરાતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ બની રહેશે. હવેનો સમય રિન્યુએબલ એનર્જિનો છે. ત્યારે રીલાયન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, ગ્રીનકો ગ્રુપ અને વેલસ્પન ન્યુએનર્જી જેવી કંપનીઓ કંડલામાં ગ્રીન હાઈડ્રોજન તથા ગ્રીન એમોનિયા પ્લાન્ટ સ્થાપવા માટે એક લાખ કરોડનું રોકાણ કરવાના આયોજનમાં છે. જે આ ક્ષેત્રમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ હશે. આ રોકાણથી ગુજરાતમા નોકરીની નવી તકો ઉભી થશે. હાલ ચૂંટણીને કારણે આચારસંહિતા લાગુ થયેલી હોવાથી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ ચૂંટણી બાદ જુન મહિનામાં તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ભારતના ગ્રીન હાઈડ્રોજન મિશનમાં દેશને ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનનું વૈશ્વિક હબ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે તેના આધારે ઈંધણ-ઉર્જાની આયાત ઘટાડીને અર્થતંત્રને લાભ કરાવવાનો ટારગેટ છે. ૨૦૩૦ સુધીમાં પાંચ મીલીયન ટન હાઈડ્રોજન ઉત્પાદનનો ટારગેટ નક્કી કરવામાં આવ્યો છે, સાથોસાથ રીન્યુએબલ એનર્જી ઉત્પાદન ક્ષમતામાં ૮ લાખ કરોડના ખર્ચે ૧૨૫ ગીગાવોટનો વધારો કરવાનું લક્ષ્ય છે. ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયાના ઉત્પાદન માટે કંડલામાં ગુજરાતના દિનદયાલ પોર્ટ એથોરિટી (ડીપીએ) દ્વારા ચાર કંપનીઓને જમીનની ફાળવણી કરવામાં આવી હતી. ડીપીએ દ્વારા લગભગ ચાર હજાર એકર જમીનમાં ૧૪ પ્લોટની ઓફર કરવામાં આવી હતી.

---




ચાંદખેડા ગામ પાસે રાજપૂત સમાજ દ્વારા BJP કાર્યકરોને ગામમાં પ્રવેશ ના કરવોના પોસ્ટર લગાવવામાં આવેલ છે.

---

**ધારાસભ્યોને અપાઈ ટાર્ગેટ પુરો કરવાની જવાબદારી**

# ભાજપનો ઝંડો લઈ ગામમાં ગયેલાં હાર્દિક પટેલનો લોકોએ હુરિયો બોલાવ્યો

। (એજન્સી) વિરમગામ, તા.૧૧ ।

પરષોત્તમ રૂપાલાએ ટિપ્પણી કરતા ક્ષત્રિયોએ ભાજપ સામે મોરચો માંડયો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરવો ય મુશ્કેલ બન્યો છે. વિરમગામ નજીક જખવાડા ગામમાં પ્રચાર કરવા જતા હાર્દિક પટેલને ગ્રામજનોએ ઘેરીને ધક્કે ચડાવ્યા હતાં. લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૨૬ માંથી ૨૬ બેઠકો પાંચ લાખ મતના માર્જીનથી જીતવા લક્ષ્ય રાખ્યો છે. એટલુ જ નહીં ભાજપે ધારાસભ્યોને પણ ટાર્ગેટ આપ્યો છે. જો આ લીડ સહેજ પણ ઓછી થશે તો જવાબદારી ધારાસભ્યોની આવશે એવું પણ અગાઉ ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ કહી ચુક્યા છે.

ઉલ્લેખનીય છેકે, ટાર્ગેટ પુરો કરવાનું ટેન્શન લઈને હવે મનેકમને પણ ભાજપના ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં ગલીએ ગલીએ કરીને પ્રચાર કરવો પડી રહ્યો છે. ત્યારે ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલની પણ આજ દશા છે. એવામાં પ્રચાર કરવા ગયેલાં અને લોકોને સમજાવવા ગયેલાં ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલને ગ્રામજનેએ ધક્કે ચડાવ્યાં. અને એટલું જ નહીં ફરી અમારા ગામમાં પગ ના મુકતા એવું કહીને હાર્દિકને ખરીખોટી સંભળાવી દીધી. ભાજપના ધારાસભ્યોની જેમ હાર્દિક પટેલ પણ પ્રચાર પ્રસાર માટે ભાજપનો ઝંડો લઈને ઘરેથી નીકળ્યા હતા. પણ ગામમાં પહોંચતાની સાથે જ બદલાઈ ગયો માહોલ.

**ન્યૂઝ બ્રિફ**

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતનો ચહેરો બની ગયા છે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતનો ચહેરો બની ગયા છે, આ વાક્ય છે અમેરિકાના સાંસદનું. જેમણે ૨૦૧૪ થી દેશમાં થયેલા વિકાસ કાર્યો અને આર્થિક પ્રગતિ માટે ભારતીય વડા પ્રધાનની પ્રશંસા કરી છે. અમેરિકી કોંગ્રેસમાં ભારતના શ્રેષ્ઠ મિત્રોમાંથી એક ગણાતા બ્રેડ શેરમેને કહ્યું કે વડાપ્રધાન મોદીના કાર્યકાળમાં ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત થયા છે. જોકે, તેમણે કહ્યું કે રશિયા અને ભારત વચ્ચેના સંરક્ષણ સંબંધો ભારત-અમેરિકા સંબંધો માટે પડકાર છે. મંગળવારે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં શર્મને કહ્યું, 'પીએમ મોદી ભારતનો ચહેરો બની ગયા છે અને અમે આર્થિક પ્રગતિ જોઈ છે. દેખીતી રીતે દરેક દેશ સામે પડકારો છે અને દરેક નેતા પડકારોનો સામનો કરી રહ્યા છે. શર્મને કહ્યું, 'હું કોઈ પણ દેશની સફળતાનો શ્રેય માત્ર એક નેતાને નથી આપતો.

## શિકાગો પોલીસ અધિકારીઓએ ૨૬ વર્ષીય અશ્વેત વ્યક્તિને ગોળી મારી દીધી



। (એજન્સી) શિકાગો, તા.૧૧ ।

અમેરિકાના શિકાગોમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શિકાગો પોલીસનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં સાદા કપડામાં આવેલા ૫ પોલીસ અધિકારીઓએ ૪૧ સેકન્ડમાં ૧૦૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું છે. શંકાસ્પદ વ્યક્તિને રોકવા માટે, પોલીસે ગોળીબાર કર્યો, જેમાં ૨૬ વર્ષીય ડેક્સટર રીડ નામના અશ્વેત વ્યક્તિનું મૃત્યુ થયું. એવું માનવામાં આવે છે કે પોલીસે મૃત વ્યક્તિની કારને રોકવા માટે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ઘટના ગયા મહિને એટલે કે ૨૧ માર્ચે બની હતી જ્યારે શિકાગો પોલીસે રીડની કારને રોકવા માટે તેને ઘેરી લીધી હતી. સીટ બેલ્ટ ન પહેરવા બદલ પોલીસે રીડને અટકાવ્યો હતો. જે બાદ કારની અંદર બેઠેલા વ્યક્તિએ પોલીસ પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જે બાદ પોલીસે જવાબી કાર્યવાહી કરીને તેના પર ગોળીબાર શરૂ કર્યો હતો. શંકાસ્પદનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. પોલીસે આ ઘટનાનો વીડિયો પણ જાહેર કર્યો છે. જોકે, જાહેર કરવામાં આવેલા વીડિયો પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. એક તરફ, પોલીસ અધિકારીઓએ કહ્યું કે રીડ પહેલા વાહનમાંથી બહાર નીકળ્યો ન હતો. પોલીસ પર પણ ગોળીબાર થયો હતો જેના કારણે એક પોલીસ કર્મચારી ઘાયલ થયો હતો.

### ભારત-ચીન વિવાદ પર બોલ્યા વડાપ્રધાન મોદી

# ભારતના ચીન સાથેના સંબંધો મહત્વના, જલ્દી સરહદી વિવાદ ઉકેલવો જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ચીન વિવાદ પર મોટું નિવેદન આપ્યું છે. પીએમ મોદીએ ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા માટે વિવાદિત LAC પર લાંબા સમયથી ચાલી રહેલી સ્થિતિને તાત્કાલિક ઉકેલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને આ વિશે કહ્યું હતું કે 'ચીન સાથેના સંબંધો ભારત માટે મહત્વપૂર્ણ છે. બંને દેશો વચ્ચેનો સરહદી વિવાદ જલ્દી ઉકેલવો જોઈએ. સાથે જ એમને આશા વ્યક્ત કરી છે કે રાજદ્વારી અને સૈન્ય સ્તરે સકારાત્મક અને રચનાત્મક દ્વિપક્ષીય સંબંધો દ્વારા ભારત-ચીન તેમની



સરહદો પર શાંતિ પુનઃસ્થાપિત કરવામાં અને જાળવી રાખવામાં સક્ષમ બનશે.' એક વાતચીત દરમિયાન પીએમ મોદી કહ્યું, 'મારું માનવું છે કે આપણે આપણી સરહદો પર લાંબા સમયથી ચાલી રહેલી પરિસ્થિતિનો તાકીદે સામનો કરવાની જરૂર છે, જેથી આપણી દ્વિપક્ષીય વાતચીતમાં રહેલી અસામાન્યતાને પાછળ છોડી શકાય. ભારત અને ચીન વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધો માત્ર આપણા બંને દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર ક્ષેત્ર અને વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. મને આશા છે અને વિશ્વાસ છે કે રાજદ્વારી સ્તરે સકારાત્મક અને રચનાત્મક વાતચીત દ્વારા આપણે આપણી સરહદો પર શાંતિ પુનઃસ્થાપિત કરવામાં સફળ થઈશું.' આ દરમિયાન વડાપ્રધાને આગામી લોકસભા ચૂંટણી, પાકિસ્તાન સાથેના સંબંધો, ચતુર્ભુજ, રામ મંદિર અને લોકશાહી સહિત અનેક મુદ્દાઓ પર વાત કરી હતી. જ્યારે પાકિસ્તાન સાથેના સંબંધો વિશે પૂછવામાં આવ્યું ત્યારે પીએમ મોદીએ કહ્યું કે તેઓ પાકિસ્તાનના વડાપ્રધાનને પદ સંભાળવા પર અભિનંદન પાઠવે છે.

### રક્ષા મંત્રી રાજનાથ સિંહે આપી ઓફર

# જો પાકિસ્તાન આતંકવાદને ખતમ ન કરી શકે તો અમે મદદ કરવા તૈયાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ આ દિવસોમાં પોતાની ચૂંટણી રેલી દરમિયાન ચીન અને પાકિસ્તાન પર જોરદાર નિશાન સાધી રહ્યા છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં રક્ષા મંત્રીએ પાકિસ્તાનને આતંકવાદનો ખાતમો કરવા માટે મદદની ઓફર કરી છે. તેમણે કહ્યું કે જો પાકિસ્તાન આતંકવાદને નિયંત્રિત કરવામાં અસમર્થ લાગે છે તો ભારત આતંકવાદને રોકવા માટે તેને સહયોગ કરવા તૈયાર છે. રાજનાથ સિંહે કહ્યું કે પાકિસ્તાન પાસેથી મારી એ જ અપેક્ષા છે કે જો તે આતંકવાદનો સહારો લઈને ભારતને અસ્થિર કરવાનો પ્રયાસ કરશે તો તેનું



પરિણામ ભોગવવું પડશે. પાકિસ્તાને આતંકવાદ પર કાબૂ મેળવે. જો પાકિસ્તાનને લાગે છે કે તે આતંકવાદને કાબૂમાં રાખવામાં અસમર્થ છે તો પાડોશી દેશ ભારત પાસેથી સહયોગ માંગી શકે છે. ભારત આતંકવાદને રોકવા માટે તેમને સહકાર આપવા તૈયાર છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ ૧૯૭૫માં લાદવામાં આવેલી ઈમરજન્સી અને કોંગ્રેસ પાર્ટી વિશે વાત કરતા ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું, જે લોકોએ તાનાશાહીની કટોકટી લાદી હતી તેઓ હવે અમારા પર તાનાશાહ હોવાનો આરોપ લગાવે છે... મારી માતાને બ્રેઈન હેમરેજ થયું હતું અને કોંગ્રેસ સરકારે મને પેરોલ આપી ન હતી. હું મારી માતાના અંતિમ સંસ્કારમાં હાજરી આપી શક્યો ન હતો.મારી માતા ૨૭ દિવસ સુધી હોસ્પિટલમાં રહી અને મને જેલમાં રાખવામાં આવ્યો અને મને મારી માતાને અંતિમ ક્ષણોમાં જોવાની પણ મંજૂરી ન આપવામાં આવી.' શું ચીને ભારતની જમીન પર કબજો કર્યો છે? તેના જવાબમાં રાજનાથ સિંહે કહ્યું કે પીએમ મોદીની સરકાર દરમિયાન કોઈ એક ઈંચ પણ જમીન પર કબજો કરી શકતું નથી.



આમ આદમી પાર્ટીના નેતા આતિશી સિંહ લોકસભા ચૂંટણી પહેલા પ્રચાર દરમિયાન દક્ષિણ દિલ્હી મતવિસ્તારના પક્ષના ઉમેદનાર સહીરામ પહેલવાન સાથે નજરે પડ્યા.

**રૂરકીના વૈજ્ઞાનિકોએ સિસ્ટમ કરી ડિઝાઇન**

## રામ મંદિરમાં થશે ચમત્કાર, સૂર્યના કિરણોથી રામલલ્લાનું થશે તિલક

। (એજન્સી) અયોધ્યા, તા.૧૧ ।

અયોધ્યામાં રામ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત શ્રી રામની મૂર્તિને ૧૭ એપ્રિલે રામ નવમીના રોજ બપોરે ૧૨ વાગ્યે સૂર્યના કિરણોથી તિલક કરવામાં આવશે. કુલ પાંચ મિનિટ સુધી ભગવાન સૂર્યના કિરણો દ્વારા આરાધ્ય દેવતાનું તિલક થતું જોવા મળશે. આ સૂર્ય તિલક ૭૫ મીમીનું હશે. મંદિરના નિર્માણ સમયે જ સૂર્યના કિરણો સાથે રામના તિલકની કલ્પના કરવામાં આવી હતી. આ માટે સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CBRI) રૂરકીના વૈજ્ઞાનિકોની ટીમે સૂર્ય તિલકની ડિઝાઈન અને પાઈપિંગ પર કામ કર્યું છે. સૂર્ય તિલક પ્રોજેક્ટ હેઠળ રામ મંદિરના બીજા માળેથી ગર્ભગૃહમાં સ્થાપિત રામલલ્લાની મૂર્તિ સુધી પાઈપો અને ઓપ્ટો-મિકેનિકલ સિસ્ટમ્સ (લેન્સ, મિરર્સ, રિફ્લેક્ટર વગેરે) દ્વારા સૂર્ય કિરણો પહોંચાડવામાં આવશે.

**આ રીતે થશે રામલલ્લાનું તિલક**

- આ માટે ચાર ઉચ્ચ ગુણવત્તાના અરીસા અને ચાર લેન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- મંદિરના બીજા માળે બે અને નીચેના માળે બે અરીસા લગાવવામાં આવ્યા છે.
- સૂર્યના કિરણો અષ્ટધાતુ પાઈપોમાંથી પસાર થશે અને બીજા માળે સ્થાપિત અરીસાઓ દ્વારા લેન્સને અથડાશે.
- આ પછી, સૂર્યના કિરણો પાઈપમાંથી પસાર થશે અને નીચેના માળે સ્થાપિત અરીસા અને લેન્સ પર અથડાશે અને ગર્ભગૃહમાં સ્થાપિત રામલલ્લાની મૂર્તિના માથા પર તિલક સ્વરૂપે પહોંચશે.
- બીજા માળેથી નીચેના માળ સુધી લગાડવામાં આવેલા પાઈપની લંબાઈ આઠથી નવ મીટરની રહેશે.
- આ માટે એક ગિયર મિકેનિઝમનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એટલે કે, અરીસાની દિશા વિશેષ રીતે નક્કી કરવામાં આવી છે. જેથી દર વર્ષે રામનવમી પર સૂર્યના કિરણો સાથે રામલલ્લાના કપાળ પર તિલક થઈ શકે.
- CBRI રૂરકીના વૈજ્ઞાનિક ડૉ. એસ.કે. પાણિગ્રહી અને તેમની ટીમે સૂર્ય તિલક પ્રોજેક્ટ પર કામ કર્યું છે.

આ પ્રોજેક્ટમાં જ્યારે CBRI રૂરકીએ તિલક અને પાઈપિંગની ડિઝાઈન પર કામ કર્યું છે. ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) બેંગ્લોર દ્વારા પરામર્શ કરવામાં આવ્યો છે અને ફેબ્રિકેશન ઓપ્ટિકા બેંગ્લોરદ્વારાકરવામાંઆવ્યું છે.સૂર્યતિલકપ્રોજેક્ટનેલઈને વૈજ્ઞાનિકો સમક્ષ બે પડકારો હતા. પ્રથમ, રામ નવમીની તારીખ દર વર્ષે બદલાય છે અને બીજું, ગર્ભગૃહમાં કોઈ સ્થાપત્ય ડિઝાઈન નથી જેના લીધે સૂર્યના કિરણો ત્યાં સીધા પહોંચી શકે.

### ગુજરાત જ નહીં યુપીમાં પણ નારાજ છે ક્ષત્રિયો

# મંચ પર જ રાજપૂત નેતાની સાથે વાતચીત કરતાં દેખાયા વડાપ્રધાન

। (એજન્સી) લખનૌ, તા.૧૧ ।

લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૩૭૦ અને એનડીએને ૪૦૦થી વધુ સીટ જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. ભાજપના નેતાઓ ચૂંટણી મંચ પરથી ચારસો પારના નારા લગાવી રહ્યા છે. એવામાં ગુજરાતથી લઈને પશ્ચિમ ઉત્તરપ્રદેશ સુધી ક્ષત્રિયોએ ભાજપ સામે મોરચો ખોલ્યો છે. સામાન્યરીતે સામાન્ય રીતે ઠાકુર મતદારોને ઘણા દાયકાઓથી ભાજપના સમર્થક માનવામાં આવે છે અને સૌથી વધુ મત ભાજપને જ પડે છે, પરંતુ હવે પાર્ટીની સામે એક નવી સમસ્યા ઊભી થઈ છે. સહારનપુર, મેરઠ, ગાઝિયાબાદ સહિત પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ઘણી જગ્યાએ પંચાયતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઠાકુર સમુદાયે ભાજપનો વિરોધ કરવાની વાત કરી હતી. થોડી જ વારમાં આ મુદ્દો સોશિયલ મીડિયા સુધી પહોંચ્યો. જેથી ભાજપ પણ તરત જ એક્શનમાં આવી ગયું. આ સિવાય પશ્ચિમ યુપીમાં સીએમ યોગી આદિત્યનાથ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહની રેલીઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તે જ સમયે, પીએમ મોદીએ ગઈકાલે એક રેલી દરમિયાન જે રીતે સીએમ યોગી આદિત્યનાથ અને પૂર્વ મંત્રી સુરેશ રાણાનું




સન્માન કર્યું, તે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે શું આ બધી કવાયત ક્ષત્રિયોની નારાજગી દૂર કરવા માટે નથી. લોકસભાની ચૂંટણી માટે વડાપ્રધાનની મંગળવારે યુપીના પીલીભીતમાં રેલી હતી. આ વખતે ભાજપે વરુણ ગાંધીની ટિકિટ રદ કરીને જિતિન પ્રસાદને મેદાનમાં ઉતાર્યા છે. પીએમ મોદી ઉપરાંત યુપીના સીએમ યોગી આદિત્યનાથ, પૂર્વ મંત્રી સુરેશ રાણા વગેરે પણ મંચ પર હાજર હતા. જ્યારે સીએમ યોગી સ્ટેજ પરથી ભાષણ આપી રહ્યા હતા ત્યારે પીએમ મોદીએ સુરેશ રાણાને ઈશારાથી બોલાવ્યા અને બાજુની ખુરશી પર બેસાડ્યા. બંને નેતાઓ લાંબા સમય સુધી એકબીજા સાથે વાતચીત કરતા રહ્યા. સુરેશ રાણા મુઝફ્ફરનગરની થાણા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય રહી ચૂક્યા છે અને પશ્ચિમ યુપીનો મોટો રાજપૂત ચહેરો છે.

### રહસ્યમયી ચીજ શું હતી તેને લઈને નાસાનો ખુલાસો

# ચંદ્રની ફરતે રહસ્યમયી વસ્તુ દેખાઈ, NASA વૈજ્ઞાનિકો હેરાન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

ચંદ્રની દુનિયા ખૂબ રહસ્યમયી છે. પૃથ્વીનો પોતાનો કુદરતી ઉપગ્રહ હોવા છતાં પણ વૈજ્ઞાનિકો હજુ સુધી ચંદ્રને પૂરેપૂરો સમજી શક્યાં નથી. ચંદ્ર પર ઘણી રહસ્યમયી ઘટનાઓ બની રહી છે અને તેને હજુ સુધી કોઈ ઉકેલ શક્યું નથી, વધુ એક વાર ચંદ્ર પર બનેલી એક ઘટનાથી વૈજ્ઞાનિકો હેરાન થઈ ગયાં છે. નાસાએ ચંદ્રની ફરતે લૂનર રિકોનિસન્સ ઓર્બિટર (LRO) નામનું અવકાશયાન ફરતું રાખ્યું છે. તે ચંદ્રની તસવીરો લઈ રહ્યું છે. ચંદ્રની પરિક્રમા કરતાં કરતાં આ અવકાશયાને એક રહસ્યમયી વસ્તુ જોઈ છે. આ ચીજનું નામ છે સર્ફબોર્ડ, સર્ફબોર્ડ એટલે કે તે બોર્ડ જેના પર લોકો ઉભા રહીને સમુદ્રના મોજાઓ પર સવારી કરે છે. આ જોઈને નાસાના વૈજ્ઞાનિકો પણ નવાઈ લાગી હતી. કારણ કે આ પહેલા તેમણે ક્યારેક પણ ચંદ્રની આસપાસ ફરતા આટલા લાંબા આકારની વસ્તુને જોઈ નથી. ત્યારબાદ તેઓએ એલઆરઓ ફોટોગ્રાફની તપાસ શરૂ કરી અને ૫ અને ૬ માર્ચે ઓબ્જેક્ટના વધુ ફોટોગ્રાફ્સ લીધા. નાસાના વૈજ્ઞાનિકોએ કહ્યું કે, તે રહસ્યમય વસ્તુના સ્થાનના ઊંડા અભ્યાસ અને તપાસ બાદ જાણવા મળ્યું કે તે દક્ષિણ કોરિયાનું




લૂનર ઓર્બિટર દાનુરી છે. એવું લાગતું હતું કારણ કે બંને અવકાશયાન એટલે કે નાસાનો એલઆરઓ અને કોરિયાનો ડનુરી અલગ અલગ ભ્રમણકક્ષામાં એક સાથે આગળ વધી રહ્યા હતા. મેરીલેન્ડમાં નાસાના ગોડાર્ડ સ્પેસ ફ્લાઈટ સેન્ટરના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે એલઆરઓના કેમેરાનો એક્સપોઝર સમય ખૂબ ઓછો છે. તે માત્ર ૦.૩૩૮ મિલિસેકંડ છે. જેથી તેને તસવીરો લેવામાં તકલીફ પડી રહી હતી. પરંતુ તેણે દાનુરીની ઘણી તસવીરો ખેંચી હતી. ડિસેમ્બર ૨૦૨૨માં દક્ષિણ કોરિયાનું પહેલું વાહન ચંદ્રની કક્ષામાં પહોંચ્યું હતું. એલઆરઓ અને દાનુરી વચ્ચે ગતિનો તફાવત છે. બંને વચ્ચે લગભગ ૧૧,૫૦૦ કિમી/કલાકની ઝડપનો તફાવત છે. તેથી જ્યારે એલઆરઓએ ફોટો પાડ્યો, ત્યારે નાનું દાનુરી અવકાશયાન કોઈ વિશાળ પરાયું જહાજ જેવું લાગતું હતું.

### જેલમાં કેદ રહેલા પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું

# પાકિસ્તાનની સ્થિતિ જોઈને લાગે છે કે બાંગ્લાદેશની ઘટના ફરી થઈ શકે છે

### ઈમરાન ખાન રાવલપિંડીની અદિયાલા જેલમાં કેદ છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૧ ।

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના સ્થાપક ઈમરાન ખાને રાવલપિંડીની અદિયાલા જેલમાંથી એક સંદેશમાં કહ્યું કે, પાકિસ્તાનની સ્થિતિ જોઈને લાગે છે કે બાંગ્લાદેશની ઘટના ફરી થઈ શકે છે. વર્તમાન સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, સ્થિર અર્થવ્યવસ્થા વિના દેશ અને સંસ્થાઓ ટકી શકે નહીં. વિવિધ ગુના અંગે જેલમાં કેદ રહેલા પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને, પાકિસ્તાનની જનતા અને સરકાર માટે એક સંદેશ પાઠવતા કહ્યું છે કે, પાકિસ્તાનની વર્તમાન સ્થિતિને



જોતા એવું લાગે છે કે, બાંગ્લાદેશની ઘટના ફરી ન બને. પાકિસ્તાનની વર્તમાન નવાઝ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, સ્થિર અર્થવ્યવસ્થા વિના દેશ અને સરકારી સંસ્થાઓ ટકી શકે નહીં. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાને એમ પણ જણાવ્યું હતું કે, તાજેતરની રાજકીય ગતિવિધી અને ૧૯૭૧માં ઢાકા સર્જાવાના સંજોગો વચ્ચે સમાનતા છે, દેશ જે પ્રકારે રોકડની તંગીનો સામનો કરી રહ્યો છે તે દેશની આર્થિક પતન તરફ દોરી શકે છે. ૧૯૭૧માં પણ જ્યારે બાગ્લાદેશનું સર્જન થયુ ત્યારે આર્થિક અને રાજકીય સ્થિતિ આવી જ હતી. પાકિસ્તાનના જાણીતા ડોન અખબારના અહેવાલ અનુસાર, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના સ્થાપક ઈમરાન ખાને રાવલપિંડીની અદિયાલા જેલમાંથી એક સંદેશમાં વર્તમાન શરીફ સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે, દેશ અને સંસ્થાઓ સ્થિર અર્થવ્યવસ્થા વિના ટકી શકે નહીં.

## અબજોપતિ મહિલાને કોર્ટે આપી મોતની સજા

। (એજન્સી) હનોઈ, તા.૧૧ ।

વિયતનામે પોતાના અત્યાર સુધીના સૌથી મોટા છેતરપીંડીના કિસ્સાના રિયલ એસ્ટેટ ટાઈકૂન ટૂંગ માય લૈનને મોતની સજા સંભળાવવામાં આવી છે. રિયલ એસ્ટેટ ટાઈકૂન ટૂંગ માય લૈને દેશના અત્યાર સુધીના સૌથી મોટા નાણાકીય છેતરપીંડીની કિસ્સામાં દક્ષિણ વિયતનામના હો ચી મિન્હ શહેરની એક કોર્ટે ગુરુવારે મોતની સજા સંભળાવી હતી. સરકારી મીડિયા થાન નિએને તેની જાણકારી આપી છે. રિયલ એસ્ટેટ કંપની વાન થિન્હ ફૈટના ૬૭ વર્ષની અધ્યક્ષ પર ૧૨.૫ અબજ અમેરિકી ડોલરની છેતરપીંડીનો આરોપ લાગ્યો હતો. જે દેશની ૨૦૨૨ની જીડીપીનો લગભગ ૩ ટકા છે.

### નિષ્ણાતોના જણાવ્યા અનુસાર

# ડીપોલ અને લા નીનાની અસરથી ચોમાસું સમય પહેલા આવી શકે છે

### ગરમીનો સામનો કરી રહેલા રાજ્યોને ટૂંક સમયમાં જ તેનાથી રાહત મળી શકે : ભારે વરસાદની પણ શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઉનાળાની ગરમીનો સામનો કરી રહેલા રાજ્યોને ટૂંક સમયમાં જ તેનાથી રાહત મળી શકે છે. આ વખતે ચોમાસું સમય પહેલા આવી શકે છે અને ભારે વરસાદની પણ શક્યતા છે. જો કે હવામાન વિભાગે આ સંદર્ભમાં પોતાની આગાહી કરી નથી, પરંતુ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, હિંદ મહાસાગરના ડીપોલ અને લા નીનાની સ્થિતિ એક સાથે સક્રિય થવાને કારણે આ વર્ષે ચોમાસું વહેલું આવી શકે છે. આ સરહદી ઘટનાઓ દેશના ઘણા



ભાગોમાં સંભવિત ભારે વરસાદ સાથે મજબૂત ચોમાસાની સ્થિતિનું નિર્માણ કરી રહી છે. લા નીના ઈફેક્ટ એ હવામાનની પુનરાવર્તિત ઘટના છે જે મધ્ય અને પૂર્વ પેસિફિક મહાસાગરમાં દરિયાની સપાટીના સરેરાશ તાપમાન કરતાં વધુ ઠંડુ અને હિંદ મહાસાગરના દ્વિધ્રુવ અને હિંદ મહાસાગરમાં દરિયાની સપાટીના તાપમાનમાં વધઘટનું કારણ બને છે. એવો અંદાજ છે કે આ એકબીજા સાથે જોડાયેલી ગતિશીલતા દક્ષિણ અને પશ્ચિમ ચોમાસાને નોંધપાત્ર રીતે અસર કરશે. મોટાભાગના હવામાન મોડેલો વિષુવવૃત્તીય હિંદ મહાસાગર પર હકારાત્મક IOD તબક્કો સૂચવે છે જે પેસિફિકમાં લા નીનાની રચના સાથે એકરુપ છે. ચોમાસાની પૃષ્ઠભૂમિ સામે આ ઘટનાઓનું એક સાથે અસ્તિત્વ સૂચવે છે.

## તંત્રી લેખ...

# દેશની જનતાંત્રિક રાજનીતિમાં અનેક મોટા નેતા થયા

લોકસભા ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. વિભિન્ન પક્ષો દ્વારા ચૂંટણી ક્ષેત્રોની ટિકિટો અપાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તો રેલીઓ અને સાથે રોડ શો પણ શરૂ થઈ ગયા છે. તેને જોતાં કહી શકાય કે ચૂંટણી પ્રચારમાં ભાજપ આગળ નીકળી ગઈ છે. મોદી એક લોકપ્રિય નેતા જ નહીં પરંતુ આજની જનતાંત્રિક રાજનીતિના શિલ્પી પણ છે. દેશની જનતાંત્રિક રાજનીતિમાં અનેક મોટા નેતા થયા, પરંતુ તેમાં કેટલાય જૂના ચીલે જ ચાલતા રહ્યા. કેટલાક થયા જેમણ પોતાની રાજનીતિ માટે નવો રસ્તો બનાવ્યો. જો વડાપ્રધાન મોદીની રાજનીતિને ઊંડાણથી વિશ્લેષિત કરીએ તો જણાશે કે તેણે પોતાની રાજનીતિની એક નવી જ શૈલી વિકસિત કરી છે. તે રાજનીતિના એવા શિલ્પકાર રૂપે ઉભર્યા છે, જેમણે ભારતીય પરંપરામાં પોતાનાં મૂળ જમાવેલાં છે. તેનું એક કારણ તેમનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક રૂપે કાર્ય કરવાનું છે. જો મોદીના રાજકીય ક્રિયાકલાપોની વ્યાખ્યાથી કોઈ એક સૂત્ર શોધીએ તો તે છે સતત બદલાવ - સતત નવોન્મેષ. આ નવોન્મેષની દિશા તેમની ભારતના ભવિષ્યની અવધારણાથી બને છે અને આકાર લેછે. તેમણે જે પ્રકારે ૨૦૪૭ સુધી વિકસિત ભારત અને હજાર વર્ષ બાદ ભારતનું સપનું જોયું છે, તેનું સ્વરૂપ ઉભરી આવવું આસાન છે. આ નવોન્મેષની બીજી દિશા થાકેલા, હારેલા, ઉદાસ જનમાં આશા જગાવવાની રાજનીતિ વિકસિત કરવી અને એ આશાઓને પૂરી કરવા માટે લોકોમાં ક્ષમતા નિર્માણની નીતિ પર કામ કરવાનું છે. ગત દિવસોમાં ઉત્તર ભારતના એક ગામમાં એક પછાત સામાજિક સમૂહના યુવાઓ સાથેની ચર્ચામાં જ્યારે મોંઘવારી, ગરીબી, બેરોજગારીનો સંદર્ભ આવતો હતો, ત્યારે તેમણે કહ્યું કે હવે દેશ પહેલાં જેવી દશામાં નથી. દેશ આગળ વધી રહ્યો છે. બધાને આગળ વધવાનો રસ્તો દેખાઈ રહ્યો છે. નોકરી મળી તો ઠીક નહીં તો કંઈક ધંધો કરી લઈશું. બેંક લોન, સ્ટાર્ટઅપની અનેક યોજનાઓ ચાલે જ છે ને? આ ચર્ચાથી લાગે કે તળિયાના લોકોમાં એક પ્રકારની આશા જાગી છે અને જડતા તૂટી છે. બનારસ, અયોધ્યા, ઉજ્જૈન જેવા તીર્થોના આધુનિકીકરણે મોટાપાયે તીર્થયાત્રીઓને આકર્ષિત કર્યા છે. ઉત્તર પ્રદેશના પર્યટન વિભાગ અનુસાર ૨૦૨૩માં ઉત્તર પ્રદેશમાં ૪૮ કરોડ પર્યટક આવ્યા, જેમાંથી ૧૬ લાખ બહારના દેશોના હતા. પર્યટકોના આવાગમને આ તીર્થ સ્થળોની આસપાસના ગામો, કસ્બામાં નાણાંનો પ્રવાહ વરસાવ્યો છે. તેનાથી પણ લોકોમાં જડતા તૂટી છે અને વિકાસની આશા જાગી છે. મોદીની રાજકીય શૈલીનું એક તત્ત્વ લોકોમાં ભવિષ્ય પ્રત્યે આશા સર્જન કરવાનું પણ છે. મોદી એક એવા રાજનીતિજ્ઞ છે, જેમણે પોતાની રાજનીતિના ભવિષ્યને વિમર્શનો વિષય બનાવ્યો છે. પહેલાંના કેટલાય વડાપ્રધાન કાં તો સમકાલીન સમસ્યાઓના દબાણમાં કે પોતાની દૃષ્ટિગત સીમાને કારણે નાના કળખંડો તથા પંચવર્ષીય વિકાસની યોજનાઓમાં જ બંધાયેલા રહ્યા. તેમની પાસે દીર્ઘકાલીન ભવિષ્યનું વિઝન ન હતું. પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના ભાષણોને સાંભળીએ તો 'ભવિષ્ય' શબ્દ તેમાં તમને કદાચ જ સાંભળવા મળે. રામમનોહર લોહિયાએ એક આલેખમાં ભારતીય રાજનીતિના આ સંકટ તરફ ઈશારો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતમાં રાજકીય પક્ષોમાં ભવિષ્ય વિશે વિચારવાની ક્ષમતા નથી. વડાપ્રધાન મોદીની રાજકીય શૈલીમાં એક અન્ય તત્ત્વ સત્તાની રાજનીતિને સામાજિક રાજનીતિમાં રૂપાંતરિત કરવાનું છે. તેઓ વારંવાર કહે છે કે સત્તાની રાજનીતિથી પાર જઈને આપણે સમાજને પોતાની રાજનીતિ સાથે જોડવો પડશે.

### મનુષ્ય જીવનમાં માત્ર તેની શક્તિનો દસમો ભાગ જ વાપરે છે અને એ રીતે એ માત્ર પ્રાણી બની રહી જાય છે

# મણિપુર એટલે રત્નોનું નગર! આ રત્નોની અલૌકિક ઉર્જાને પામવાં સૂર્ય સાક્ષીએ અધ્યાત્મનું ખેડાણ કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હવે ઉનાળો શરૂ થતો જાય છે ત્યારે વધું પડતાં ઠંડાં પદાર્થથી જઠરાગ્નિ મંદ પડી જાય છે, એ વાત ખાસ યાદ રાખવી, તેમજ પ્રકૃતિ એ ગરમ અને તેજ તીખાં પદાર્થ પણ લેવા નહીં ,નહીં તો કાયમ માટે પિત્તની તકલીફ શરૂ થઈ જાય.**

હે મા જગત જનની જગદંબા. આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ચૈત્રી નવરાત્રીના ચોથો દિવસે નવદુર્ગાના ચોથા સ્વરૂપ એટલે કે પૃથ્વી નામના ગર્ભમાંથી પ્રાણીમાત્રને જન્મ આપનારી કુષ્માંડા ને નમન કરીએ. મનુષ્ય પણ એક પ્રાણી જ છે, અને તેના મૂળમાં પણ અન્ય પ્રાણીની જેમ કામ જ કેન્દ્ર બિંદુ છે. એટલે તેની પ્રાણશકતિને કામ શક્તિમાંથી રામ શક્તિ તરફ ઉર્ધ્વગમન કરાવવાની આ આધ્યાત્મિક સફરનું નામ જ કુંડલિની જાગરણ છે. મનુષ્ય તરીકે એને સાત જન્મ મળે છે, પરંતુ અહીં જન્મ લઈ તે રામ શક્તિને જાગૃત કરી રામકામ કે સારા કર્મ કરે તો આ સાતની અવધી લંબાઈ શકે છે, એટલે કે ઈશ્વરને હાથ જન્મ મૃત્યુ હોવા છતાં, મૃત્યુ સમયે તે મુક્તિ ન માંગતા ભક્તિ માંગે છે, અને નરસિંહના પદ મુજબ ભક્તિ તો ભૂતળનો પદાર્થ છે, એટલે એ ફરી અહીં જન્મ લે છે, અને એ રીતે એની પૂર્વ જન્મના સંસ્કારની સ્મૃતિ ગર્ભાવસ્થા સુધી બરકરાર હોય છે, અને એમાંથી ઉપર ઉઠવાનું હોય છે. પરંતુ આપણે પૂર્વ જન્મ સુધી ન વિચારીએ તો પણ આ જન્મની જ ભૂતકાળની સારી ખરાબ બંને પ્રકારની સ્મૃતિઓ આપણને આગળના ઉજ્જવળ જીવન તરફ જતા ઘણીવાર રોકી રાખે છે, અને જીવ વિષય, વાસના કે કામનાઓથી ઘેરાયેલું રહે છે, એને રામ દેખાતો નથી, અને મનુષ્ય માનવી ન બનતાં એક પ્રાણી તરીકે જ અહીંથી વિદાય લે છે. મનુષ્ય અને માનવી બંને એકબીજાના પર્યાય હોવા છતાં આ બંનેમાં આટલો તફાવત છે, એટલે કે માનવી એને જ કહેવાય જે કામ ભાવમાંથી આગળ વધી રામ નામ અને રામ કામ સુધી પહોંચી શકે, અને એ રીતે પોતાના હૃદયમાં માનવતા અર્જીત કરે. તો આજે આપણે આ કુંડલીની જાગરણના સાત ચક્રો માંથી મહત્વનાં ત્રીજા ચક્ર એટલે કે મણીપુર ચક્રની શાસ્ત્રીય રચના જાણી તેને આપણી રીતે જાગૃત કરવાની કોશિશ કરીએ.



આપણી નાભિના પાછળના હિસ્સામાં કરોડરજ્જુ પર સાતેય ચક્રમાં મહત્વનાં એવા મણિપુર ચક્રનું સ્થાન છે. જઠરાગ્નિના સ્થાન પર હોવાથી મણિપુર ચક્ર આપણાં પાચન સાથે સંકળાયેલું ચક્ર છે. અહીંથી ૭૨ હજાર નાડીઓ પસાર થતી હોવાથી નાડી પ્યોરિફિકેશન માટે પણ આ ચક્ર મહત્ત્વનું છે. એનો શાબ્દિક અર્થ પણ એની મહત્તાને દર્શાવે છે. મણિ એટલે કે રત્નો અને પુર એટલે કે નગર. અહીં ધ્યાન કેન્દ્રિત કરવાથી આલ્હાદક આનંદની પ્રતિતિ થાય છે.મણિપુરા ચક્રને દસ પાંખડીઓ ધરાવતું દર્શાવવામાં આવ્યું છે, જેમાં સંસ્કૃત અક્ષરો દા, ધા, ના, તા, થા, ડા, ના, પા, અને ફા છે. મધ્યમાં બીજનો અવાજ રં કે રામ છે. અગ્નિ તત્વથી બનેલું આ ચક્ર લાલ ત્રિકોણ તરીકે બતાવવામાં આવ્યું છે. બીજ મંત્રનો ઉચ્ચારણ 'રં' એટલે કે રામ છે, આ ચક્રના દેવ રુદ્ર છે.તે લાલ અથવા સફેદ છે, ત્રણ આંખો સાથે, ચાંદીની દાઢી સાથે પ્રાચીન પાસું છે, અને સફેદ રાખથી ઢંકાયેલ છે. આ ચક્ર જાગૃત થાય તો અને ડર દૂર કરે છે, અને રૂદ્ર દેવ વાઘ ચર્મ અથવા બળદ પર બેઠો છે. રુદ્રની શક્તિ દેવી લાકિની છે, તે કાળો અથવા ઘેરા વાદળી રંગના ત્રણ ચહેરાઓ ધરાવે છે, દરેકમાં ત્રણ આંખો છે; અને ચાર શસ્ત્ર છે. લાકીની પાસે વીજળીનો અવાજ છે, અને લાકીની લાલ કમળ પર બેઠેલી છે.મણિપુરાની દસ પાંખડીઓ ઘેરા-વાદળી અથવા કાળી હોય છે, જેમ કે ભરાયેલા વરસાદી વાદળો જેવા ઘેરા-વાદળી રંગની છે, જોકે આ બધું તંત્ર સાધના માટે જરૂરી છે, આપણે તો જાગરણ માટે આ પાંખડીઓ આધ્યાત્મિક અજ્ઞાન, તરસ, ઈર્ષ્યા, વિશ્વાસઘાત, શરમ, ભય, અણગમો, ભ્રમણા, મૂર્ખતા અને ઉદાસીની વૃત્તિઓ માંથી ઉપર ઉઠવાનો સંકેત કરે છે, એટલું જ્ઞાન પણ પર્યાપ્ત છે. પાંખડીઓ દસ પ્રાણ એટલે કે જે જીવંત પ્રવાહ અને ઉર્જા સ્પંદનનું પ્રતિનિધિત્વ કરે છે, જે મણિપુરા ચક્ર દ્વારા નિયંત્રિત થાય છે. પાંચ પ્રાણ વાયુ છેઃ પ્રાણ, અપાન, ઉડાન, સામન અને વ્યાન. પાંચ ઉપપ્રાણ છેઃ નાગ, કુર્મ, દેવદત્ત, ક્રિકલા અને ધનંજય. મણિપુર ચક્ર સૂર્ય નાડી સાથે સંકળાયેલું છે અને તેને સક્રિય કરવા સૂર્ય માંથી શક્તિ શોષવાની અને આત્મસાત કરવાની હોય છે, જો તે યથા માત્રામાં સક્રિય થાય તો સૂર્યમાંથી શક્તિ શોષણ કરી તેની જેમ તેજસ્વી અને પ્રભાવશાળી બને છે. આ ઉપરાંત શાસ્ત્રોમાં એને દશચ્છડા, દશદલા પદ્મ, દશપત્ર, દશપતરામ્બુજ, મણિપુરા, મણિપુરાકા, નાભિપદ્મા, નાભિપંકજા નામથી પણ ઓળખવામાં આવે છે, આ થઈ એની શાસ્ત્રીય વાત.

મનુષ્ય જીવનમાં માત્ર તેની શક્તિનો દસમો ભાગ જ વાપરે છે, અને એ રીતે એ માત્ર પ્રાણી બની રહી જાય છે. મેડીકલ સાયન્સ પણ માને છે કે માણસના મગજની પાછળના અને આગળના સેરીબ્રેલનો જ વિકાસ થયેલ છે પોન્સ, થેલેમસ, હાઈપોથેલેમસ, પિનિયલ અને પિટ્યુટરી ગ્રંથિનો વિકાસ નથી થયો, અને તેના કાર્યોની પણ બહુ ઓછી ખબર છે. પણ વિજ્ઞાનનો જ્યાં અંત છે ત્યાંથી જ આધ્યાત્મિક વિજ્ઞાન શરૂ થાય છે અને એ જ આપણને મનુષ્ય નામના પ્રાણીમાંથી માનવી બનાવી શકે. યોગશાસ્ત્ર મુજબ કરોડરજ્જુના બીજા અને ત્રીજા મણકા વચ્ચે કંદ નામનું ઉંધા ત્રિકોણના રૂપમાં આવેલ છે. હાડકાંની ફરતે કુંડલિની પોતાના મુખથી પોતાની પૂંછડી પકડીને બેઠેલ સાપ જેમ હોય છે. આપણે આપણી અંદર ઈચ્છા નામની એક સર્પિણી પાળીએ છે, અને આપણી ઈચ્છા શક્તિ જ આપણને મનુષ્યમાંથી માનવી બનવા દેતી નથી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થાય તો આ સાત ચક્રો માંથી કુંડલીની જાગરણ થાય કે ના થાય, પણ માનવી પણું થોડું થોડું આવી શકે! એટલે કે વિશેષ કર્મ થાય કે ન થાય, પણ ખોટા કામ કરવાનું જો બંધ થાય! ખોટા રાગ દ્વેષ, ખોટા વિચારો, અને ઈર્ષા નિંદા જ અજ્ઞાનને વધારે છે, અથવા તો જ્ઞાનને પ્રવેશવા નથી દેતી, એ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો સૂર્ય શક્તિ રૂપી સકારાત્મકતા જીવનમાં આવે, અને આપણું જીવન પણ સોનેરી કે તેજસ્વી બની શકે.

આ ઉપરાંત આ ચક્ર જઠર આગળ સ્થાન ધરાવે છે, અને અગ્નિ તત્વ મુખ્ય હોવાથી તેને જઠરાગ્નિ રૂપે જોઈએ, તો આપણો જેટલો જઠરાગ્નિ હોય અને જે સારી રીતે પચાવી શકે, આપણી શરીરની તાસીર અને આપણાં પ્રદેશની આબોહવા મુજબનો પૌષ્ટિક અને સાદો આહાર ગ્રહણ કરવાથી સ્વાદને નામે પોષાતાં વિકારોથી બચી શકાય છે. હવે ઉનાળો શરૂ થતો જાય છે ત્યારે વધું પડતાં ઠંડાં પદાર્થથી જઠરાગ્નિ મંદ પડી જાય છે, એ વાત ખાસ યાદ રાખવી, તેમજ પ્રકૃતિ એ ગરમ અને તેજ તીખાં પદાર્થ પણ લેવા નહીં ,નહીં તો કાયમ માટે પિત્તની તકલીફ શરૂ થઈ જાય. યોગની શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર આપણે મણીપુર ચક્રને સક્રિય કરી સૂર્ય શક્તિને આત્મસાત કરી શકીએ તો એ ઘણું ઉત્તમ છે બાકી આપણી ઈચ્છા શક્તિ કે કામના શક્તિને રામ શક્તિ તરફ વાળી શકીએ એટલે કે સ્વ માંથી સર્વ તરફ જતી દિશામાં જીવનને વાળી શકીએ તો પણ ઘણું! બાકી ચૈત્રીના ઉગતા સૂર્યનો પ્રકાશ ખરેખર ઉર્જા પ્રદાન કરનાર છે, તો એનો વધુને વધુ લાભ લઈને આપણે સૌ આપણા જીવન અજવાળીએ, એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### લગભગ દરેકની આવી દશા હોય છે સાહેબ બહાર અક્કડમાં ફરે છે પણ બબલીની બા પાસે તેમનું કંઈ ચાલતું નથી

# ઇન્દ્રિયો અને વિષયોનો સંયોગ થાય ત્યારે ક્ષણિક સુખ મળે છે એ સુખ નથી, સુખનો ભાસ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મનુષ્યને નીતિનું આકર્ષણ નથી, સુરુચિનું છે. મનુષ્યને નીતિ ગમતી નથી, સુરુચિ ગમે છે. જીવમાત્રને નીતિ પ્રિય નથી, પ્રિય છે સદાચાર. સંયમથી નીતિમય જીવન ગાળવું તેને ગમતું નથી.**

જીવમાત્રને બે રાણીઓ હોય છે : સુરુચિ અને સુનીતિ. મનુષ્યમાત્રને સુરુચિ વહાલી લાગે છે તે સુરુચિ એટલે લોનછે આજકાલ સર્વને રિચ વહાલી લાગે છે. મનને અને ઇન્દ્રિયોને ગમે તે મનુષ્ય કરે છે. તે શાસ્ત્રને પૂછતો નથી. ધર્મને પૂછતો નથી કે કોઈ સંતને પૂછતો નથી. રુચિ એટલે મનગમતી ઈચ્છા. નગમતા ભોગ ભોગવવા માગે સુરુચિનો દાસ અને જે રુચિને આધીન થયો તેને નીતિ અળખામણી લાગે છે. નીતિ ના પાડે તો પણ તેની ઇન્દ્રિયો તે તરફ દોડે છે. મનુષ્યમાત્રને સુનીતિ એટલે નીતિ વહાલી લાગતી નથી, એટલે સુનીતિ અણમાનીતી રાણી.

મનુષ્યને નીતિનું આકર્ષણ નથી, સુરુચિનું છે. મનુષ્યને નીતિ ગમતી નથી, સુરુચિ ગમે છે. જીવમાત્રને નીતિ પ્રિય નથી, પ્રિય છે સદાચાર. સંયમથી નીતિમય જીવન ગાળવું તેને ગમતું નથી. વાસનાને આધીન થઈ વિલાસી સ્વેચ્છાધારી જીવન ગાળવું ગમે છે. રુચિને આધીન થશો તો ઉત્તમ ફળ મળશે. સુરુચિનું ફળ ઉત્તમ છે, તેથી સુરુચિના પુત્રનું નામ ઉત્તમ. ઉત્ = ઈશ્વર, તત્ = અંધકાર. અંધકાર એટલે અજ્ઞાન. ઈશ્વરના સ્વરૂપનું અજ્ઞાન એ જ ઉત્તમનું સ્વરૂપ છે. ઇન્દ્રિયોના ગુલામ થશો તો ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થશે નહીં. જે સુરુચિમાં ફસાયો છે, વિલાસી જીવન ગાળે તેને ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થતું નથી. એ ઈશ્વરને ઓળખી શકે નહીં. ઈશ્વરનું જ્ઞાન વિરક્તને થાય છે, વિલાસીને થતું નથી. સત્ત્વગુણ જેનો વધે છે તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. સત્ત્વગુણ વધે છે સદાચારી, સંયમી જીવન ગાળવાથી. શબ્દજ્ઞાન તે જ્ઞાન નથી.ક્ષણિક સુખ તે ઉત્તમ.વિષયો ક્ષણિક સુખ આપે છે,એટલે વિષયોનો આનંદ તે ઉત્તમ. ઇન્દ્રિયો અને વિષયોનો સંયોગ થાય ત્યારે ક્ષણિક સુખ મળે છે. એ સુખ નથી, સુખનો ભાસ છે. દરાજ ખંજવાળવાથી સુખ મળતું નથી તે સુખનો ભાસ માત્ર છે. મનુષ્યની એક-એક ઇન્દ્રિયોને વિષયો ભોગવવાની ચળ છુટે છે. ડહાપણ આવે છે પણ તે ટકતુંનથી ભોજન સરસ હશે તો ભૂખ કરતાં વધારે ખવાશે, તેથી અજીર્ણ થશે. આવા વખતે રુચિ કહે છે, તું ખા અને નીતિ કહે છેકે,તું ખાવાનું બંધ કર.આમ તુચિ-સુનીતિ રોજિંદા વ્યવહારમાં છે.

તેથી શંકરાચાર્ય સ્વામીએ આજ્ઞા કરી કે, સ્વાદિષ્ટ અન્નની યાચના ન કરો.દૈવવશાત્ જે પ્રાપ્ત થાય તેથી સંતોષ માનો. જે ભોજન સારું માંગશે તેનાથી ભજન થશે નહીં. નીતિના ફળથી આરંભમાં કદાચ દુઃખ થાય પણ પરિણામે તે સુખ આપે છે,ત્યારે સુરુચિનું ફળ પરિણામે બહુ દુઃખ આપશે.

જેનું જીવન શુદ્ધ છે,પવિત્ર છે, તેને ભજનાનંદ મળે છે.એ આનંદ કાયમ ટકે છે. કાયમ ટકે તે ધ્રુવ-ભજનાનંદ ધ્રુવ-ભોજનાનંદ અધ્રુવ. માટે સુનીતિનો પુત્ર ધ્રુવ, સુનીતિનું ફળ ધ્રુવ. ધ્રુવ એટલે અવિનાશી. જેનો કદી નાશ થતો નથી તે પદ,અનંત સુખ. બ્રહ્માનંદ નો વિનાશ થતો નથી, તેથી નીતિને આધીન રહે તેને ધ્રુવ મળશે, બ્રહ્મા નંદ મળશે.

આ મનુષ્ય સુનીતિને આધીન બને તો સદાચારી બને છે અને સુરુચિ ને આધીન બને તો દુરાચારી બને છે.આ બે આનંદ તમારી પાસે મૂક્યાઃએક વિષયાનંદ અને બીજો બ્રહ્માનંદ અથવા ભજનાનંદ.બેમાં થી તમે કોને પસંદ કરશો? ભજનાનંદ જ પસંદ કરવા જેવો છે. પહેલો ક્ષણિક સુખ આપે છે પણ પરિણામમાં દુઃખ આપે છે. બીજો શરૂઆતમાં એક ક્ષણ દુઃખ આપે છે પણ પરિણામે સુખ આપે છે.

બે મિત્રો યાત્રા કરવા નીકળ્યા છે. એક મિત્રને આદત પડી ગયેલી કે, પલંગ વગર ઊંઘ આવે નહીં. પલંગ સાથે તકિયો-ઓશિકું બધું જોઈએ. એટલે એણે એ બધું સાથે લીધું. એક જગ્યાએ મજૂર ન મળ્યો. મજૂરવગર કોણ કાકો આ બધું ઊપાડે? ભાઈએ પલંગ વગેરે સઘળો સામાન માથે ઊંચક્યો. રસ્તામાં એક સજ્જન મળ્યા.તેણે આ ભાઈની દશા જોઈ કહ્યું, આ બોજ વગર યાત્રા કરો ને! પેલો મનુષ્ય જવાબ આપે છે કે, ભલે બોજ ઊંચકવો પડે, પણ રાત્રે સૂવાની મજા આવે છે ને!આ બીજાની કથા નથી,આ આપણી કથા છે. જીવાત્મા યાત્રા કરવા માટે નીકળ્યો છે.તુચ્છ વણિક સુખ માટે મનુષ્ય આખો દિવસ ગદ્ધા વૈતરું કરે છે. દુઃખનો પહાડ માથે રાખે છે! ક્ષણિક સુખ માટે કેટલી ઉપાધિ,કેટલી ચિંતા!ધ્રુવ અવિનાશી બ્રહ્માનંદનું ભજનાનંદ નું સ્વરૂપ છે.જીવની પાસે બ્રહ્મા નંદ જાય તે વખતે સુરુશિ વિઘ્ન કરે છે. જીવ અને બ્રહ્માનું મિલન થતું સુરુચિ અટકાવે છે. સુરુચિને આધીન તે કામસરૂચિ ઉત્તાનપાદ રાજાને આ બે રાણીઓ અને બાળકો હતાં. રાજા ઉત્તાનપાદને પોતાની સુનીતિ રાણી વહાલી નથી લાગતી, પણ સુરુચિ વહાલી લાગે છે. આપણું પણ એવું જ છે. આપણને પણ નીતિ ગમતી નથી, પણ ઇન્દ્રિયો અને વાસનાને બહેકાવનારી રુચિ ગમે છે. એક દિવસ ઉત્તાનપાદ રાજા સિંહાસન ઉપર બેઠા છે. સુરુચિ ત્યાં બેઠેલી છે.રાજા ઉત્તમ ને ગોદમાં લઈને લાડ કરતા હતા. ધ્રુવે ઉત્તમને પિતાની ગોદમાં જોયા તેને પણ પિતાની ગોદમાં બેસવાનું મન થયું. તેને થયું કે બાપુ મને પણ ગોદમાં લેશે.ધ્રુવજી દોડતા પિતા પાસે આવ્યા.બાળક એ બાળ કૃષ્ણનું સ્વરૂપ છે. તેનું અપમાન કોઈ દિવસ ન કરશો. મોટા મોટા મહાત્માઓ બાળક સાથે રમતા હતા.એકવાર રામદાસ સ્વામી નાનાં બાળકો સાથે રમતા હતા. શિષ્યોએ કહ્યું, તમે આ શું કરો છો? સ્વામીએ કહ્યું, બાળકો સાથે રમવામાં મને આનંદ આવે છે. મનમાં જેવું હોય તેવું બોલે છે, અને જેવું બોલે છે તેવું કરે છે. બાળકની પેઠે મન, વાણી અને ક્રિયા એક હશે તો જ તમે ભગવાનની ભક્તિ બરાબર કરી શકશો. તો જ તમને આનંદ આવશે બાળક નિર્દોષ હોય છે. બાળકને નાનપણમાં સારા સંસ્કાર આપવા, લાડ કરવા નહીં.કપટનો બોધ બાળકને આપવો નહીં.

ધ્રુવને જોઈ ઉત્તાનપાદ રાજાને આનંદ થયો. મનમાં થયું, લાવ, બાળકને ગોદમાં લઉં પણ ત્યાં સુરુચિ બેઠી હતી. તેને આ ગમ્યું નહીં. સુનીતિની શોક્ય ખરીને!

જ્યારે જ્યારે પાસે ભજનાનંદ આવે છે ત્યારે સુરુચિ વિઘ્ન કરે છે. પૂજા કરતાં મન રસોડામાં જાય તો માનજો કે સુરુચિ આવી. પ્રભુભજન કરતાં મન વિષયોમાં જાય તો માનવું કે સુરુચિ આવી. રાજા ધ્રુવને લે તે સુરુચિને ગમ્યું નહીં, ન જ ગમે!સુરુચિએ વિચાર્યું કે, રાજાને (જીવાત્માને)ધ્રુવ એટલે ભજનાનંદ મળશે તો વાસનાને આધીન થશે નહીં અને વાસનાને આધીન થશે નહીં તો મારું માન રહેશે નહીં. તેણે રાજાને ધ્રુવને ગોદમાં લેવાની મના કરી. રાજા રાણીને આધીન હતો. રાજા સુરુચિને આધીન હતો. કામાંધ હતો. તેથી તેને બીક લાગીકે,હુંજો ધ્રુવને ગોદમાં લઈશ તો સુરુચિ નારાજ થશે. બીજું ગમે તે થાય પણ મારી રાણી નારાજ થવી ન જોઈએ. અતિશયપણે સ્ત્રીને આધીન રહેવું એ પાપ છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે, જે સ્ત્રીને અતિશય આધીન હોય તેવી વ્યક્તિને જોવામાં પણ પાપ છે. આ રાજા હતો, પણ સ્ત્રીનો ગુલામ હતો. લગભગ દરેકની આવી દશા હોય છે. સાહેબ બહાર અક્કડમાં ફરે છે, પણ બબલીની બા પાસે તેમનું કંઈ ચાલતું નથી.રાજાએ ધ્રુવનો તિરસ્કાર કર્યો. મુખ ફેરવી લીધું. ધ્રુવજીને આશા હતી કે, પિતાજી જરૂ ગોદમાં લેશે.ધ્રુવજીએ બેહાથ ઊંચા કર્યા છે. બાપુ મને ગોદમાં લો ત્યાં તો સુરુચિ ધ્રુવકુમારને કહે છે, અહીં થી ચાલ્યો જા. રાજાની ગોદમાં બેસવાને તું લાયક નથી. અણમાનીતી રાણ સુનીતિનો પુત્ર છે. તું તારા પિતાની ગોદમાં નહીં બેસી શકે. ધ્રુવજી કહે છે, મા, હું મારા બાપુનો દીકરો નહીં? આ સાંભળ્યું કે સુરુચિએ મ્હેણું માર્યું, તારી મા રાણી નથી. રાણી તો હું છું. તારી મા તો દાસી છે. જો તને રાજાની ગોદમાં બેસવાની ઈચ્છા હોય તો વનમાં જા અને ઈશ્વરને પ્રસન્ન કરી મારા પેટે જન્મ માગ. ભગવાન પ્રસન્ન થયા પછી તારે ઘરે જન્મ લેવાની શું જરૂર હતી? પણ મૂર્ખ હતી એટલે આવું બોલે છે.

ધ્રુવકુમાર રડતાં રડતાં સુનીતિ પાસે આવે છે. સુનીતિ પૂછે છે, બેટા, તને શું થયું? તું કેમ રડે છે. બાળક એક અક્ષર પણ બોલતો નથી, માત્ર રડે છે. સુનીતિ જાણે છે કે, મારો બાળક ડાહ્યો છે. તે મારી સ્થિતિ જાણે છે. સુનીતિનો દીકરો સુશીલ હતો. મા જેની સુનીતિ એનો દીકરો સુશીલ હોય જ. વંશમાં અનેક પેઢીનું પુણ્ય ભેગું થાય તો છોકરા ઉદાર બને.

ધ્રુવે વિચાર કર્યો કે, હું વાત કહીશ તો પરંપરાથી માતાપિતાની નિંદા કર્યાનું પાપ લાગશે. ત્યાં એક દાસી એ આવી બનેલી બધી વાત કહી. વાત સાંભળી સુનીતિના મનમાં થયું કે, સુરુચિનું મેં કાંઈ બૂરું કર્યું નથી. પણ મારી શોક્ય માટે મારા મુખમાંથી ખરાબ બોલ નીકળશે તો ધ્રુવના મનમાં કાયમના માટે વેરના સંસ્કાર પડશે, અને એના મનમાં હંમેશને માટે સુરુચિ પ્રત્યે વેરનું બીજ રોપાશે.

માતા સુનીતિ હોય તો બાળકને હજારો શિક્ષકો કરતાં પણ વધારે ભણાવી શકે છે.

સુનીતિ દુઃખના વેગને દબાવી ધીરજ ધારણ કરી. પછી કહે છે, તારી ઓરમાન માએ તને જે બોધ કર્યો છે તે ખોટો નથી. હું પણ તને એ જ બોધ કરું છું. બેટા,ભીખ માગવી હોય તો ભગવાન પાસે જ માગવી. મનુષ્ય પાસે માગશો ઘણું, ત્યારે આપશે ઓછું અને કોઈવાર તિરસ્કાર કે અપમાન પણ કરશે. માટે ઠાકોર જી પાસે જ માગવું. ભગવાન આપવા બેસે છે ત્યારે જીવ ઝીલી ન શકે એટલું આપે છે. બેટા,તારા ઉપર ભગવાન કૃપા કરશે,તને ગોદમાં લેશે.તારા સાચા પિતા પરમાત્મા છે. જીવમાત્રના સાચા પિતા પરમાત્મા છે. મેં તને નારાયણને સોંપ્યો છે.

વાચક ચાહક મિત્રો, છેલ્લે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન પછી ચૈત્રી નવરાત્રીનાં ચોથા નોરતે પૌરાણિક શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે કૃષ્માંડા દેવી નવદુર્ગાનું ચોથુ સ્વરુપ છે. નવરાત્રીનાં ચોથા દિવસે મા કૃષ્માંડાની ઉપાસના કરવામાં આવે છે. કૃષ્માંડા દેવીનાં નામનો અર્થ કુત્સિત ઉષ્મા, કૃષ્મા ત્રિવિધ તાપ યુક્ત એવો અર્થ થાય છે. આજે ચૈત્રી ચોથું નોરતું, માં કૃષ્માંડાની ઉપાસનાનું મહત્વ છે જ્યારે કૃષ્માંડા દેવીનો બીજો અર્થ કૃ-ઉષ્મા-અંડ એટલે કે નાનુ ગરમ અંડ એવો પણ અર્થ થાય છે. અર્થાત તેઓ બ્રહ્માંડનાં રચયિતા મનાય છે. અન્ય એક અર્થ એવો પણ મનાય છે જેમ કે આખુ જગત જેના ઉદરમાં છે તેવી દેવી એટલે કૃષ્માંડા.કૃષ્માંડા દેવીને કોળાનો ભોગ પસંદ છે. કૃષ્માંડા દેવી સુર્યને દિશા અને ઉર્જા પ્રદાન કરે છે, તેમજ સુર્ય દેવનાં આદેશને અનુસાર જ ચાલે છે. કેવુ છે મા કૃષ્માંડાનુ સ્વરૂપકૃષ્માંડા દેવીને આઠ ભુજાઓ છે. જેમાં તેમણે કમંડળ,ધનુષ, બાણ, કમળ, અમૃત્મય કળશ, માળા, ગદા અને ચક્ર ધારણ કરેલ છે.તેમનું વાહન વાઘ છે. શાસ્ત્ર પ્રમાણે માના મધુર કાસ્યથી બ્રહ્માંડનું સર્જન થયું હોવાનું માનવામાં આવે છે.તેમની આરાધનાથી મનુષ્યોની બધી વિપતિઓનો નાશ થાય છે. તેમજ ધન ધાન્ય સંતાન સિધ્ધી નિધી પ્રાપ્ત થાય છે.

### શાહરૂખ ખાનની 'કભી હાં કભી ના' કોસ્ટારે કહ્યુ

# આર્યને મારી પુત્રી સાથે રિમેકમાં કામ કરવું જોઈએ

**શાહરૂખ અને સુચિત્રાની ફિલ્મ 'કભી હાં કભી ના'ને આ વર્ષની શરૂઆતમાં ૩૦ વર્ષ પૂરા થયા હતા**

શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'કભી હાં કભી ના'માં કામ કરનાર અભિનેત્રી સુચિત્રા કૃષ્ણમૂર્તિને લોકો આજે પણ યાદ કરે છે. દિગ્દર્શક કુંદન શાહની આ ફિલ્મ કલ્ટ ક્લાસિક ગણાય છે અને શાહરૂખના ચાહકો હજુ પણ સુચિત્રાની કિંગ ખાન સાથેની જોડીને પસંદ કરે છે. હવે સુચિત્રાએ કહ્યું છે કે જો શાહરુખને લઈને તેની ફિલ્મ 'કભી હાં કભી ના'ની રિમેક બનાવવામાં આવે છે તો તેના મતે તેમાં કયા કલાકારોને કાસ્ટ કરવા જોઈએ. એક નવા ઈન્ટરવ્યુમાં સુચિત્રાએ એમ પણ કહ્યું કે તે તેના કો-સ્ટાર શાહરૂખ ખાન વિશે વાત કરીને થાકી ગઈ છે. શાહરૂખ અને સુચિત્રાની ફિલ્મ 'કભી હાં કભી ના'ને આ વર્ષની શરૂઆતમાં ૩૦ વર્ષ પૂરા થયા હતા. પછી આ ફિલ્મ વિશે વાત કરતી વખતે સુચિત્રાએ કહ્યું હતું કે જો તેની રિમેક બને છે તો તે ઈચ્છશે કે



તેમાં શાહરૂખનો પુત્ર આર્યન ખાન સુનીલનો રોલ કરે. હવે ઝૂમ સાથેના એક ઈન્ટરવ્યુમાં સુચિત્રાને પૂછવામાં આવ્યું કે તેમના કહેવા પ્રમાણે જો ફિલ્મની રિમેક બને તો તેમાં અણ્ણાનું પાત્ર કોણ ભજવે? એક પણ મિનિટ બગાડ્યા વિના સુચિત્રાએ જવાબ આપ્યો, 'કાવેરી, મારી દીકરી, અલબત્ત. આમાં કહેવા જેવું કંઈ નથી. અગાઉ એક ઈન્ટરવ્યુમાં સુચિત્રાએ કહ્યું હતું કે જો રિમેક બને છે તો તેમાં વરુણ ધવન અને આલિયા ભટ્ટને કાસ્ટ કરવા જોઈએ. પરંતુ તેણે એ પણ કહ્યું કે તે પ્રેમીની ભૂમિકા માટે થોડો ઘણો જૂનો છે. સુચિત્રાએ કહ્યું હતું કે જો આર્યન એક્ટિંગ કરતો હોત તો તેણે તેને પસંદ કર્યો હોત. આર્યનની વાત કરીએ તો તે ડિરેક્ટર તરીકે પોતાની ઓળખ બનાવવા માટે સખત મહેનત કરી રહ્યો છે. આ દિવસોમાં તે પોતાની ડેબ્યૂ વેબ સિરીઝ 'સ્ટારડમ' પર કામ કરી રહ્યો છે. બીજી તરફ, સુચિત્રા કૃષ્ણમૂર્તિ અને નિર્દેશક શેખર કપૂરની પુત્રી કાવેરી ટૂંક સમયમાં જ ફિલ્મ 'માસૂમ... ધ ન્યૂ જનરેશન'થી ડેબ્યૂ કરવા જઈ રહી છે. તે તેના પિતાની કલ્ટ-ક્લાસિક ફિલ્મ 'માસૂમ'ની સિક્વલ છે, જે ૧૯૮૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા નસીરુદ્દીન શાહ અને શબાના આઝમીએ ભજવી હતી.

# તબસ્સુમ હાશ્મીનો મેક અપ જોઇને તેના પર ફેન્સ ભડક્યા



**હાલમાં તબ્બુએ એક મેગેઝીન કવર માટે ફોટોશૂટ કરાવ્યુ છે, આ તસવીરો હાલમાં સોશિયલ મિડીયામાં રિલીઝ થઇ છે**

તબ્બુ હાલમાં ફિલ્મ ક્રુમાં જોવા મળી હતી. આ ફિલ્મને ફેન્સનો જબરજસ્ત રિસ્પોન્સ મળી રહ્યો છે. રિલીઝ થયા પછી આ મુવી સતત બોક્સઓફિસ પર સારી કમાણી કરી રહી છે. જો કે હાલમાં તબ્બુ એના નવા ફોટોશૂટને લઈને ચર્ચાનો વિષય બની છે. આ ફોટોશૂટમાં તબ્બુને ઓળખવામાં તમે પણ થાપ ખાઈ જશો. એક્ટ્રેસનો મેક અપ લુક જોઈને ફેન્સ પણ ભડક્યા છે. આ ફોટોશૂટમાં તબ્બુએ એવો મેક અપ કર્યો છે જે સોશિયલ મિડીયામાં ચર્ચાનો વિષય બન્યો છે. હાલમાં તબ્બુએ એક મેગેઝીન કવર માટે ફોટોશૂટ કરાવ્યુ છે. આ તસવીરો હાલમાં સોશિયલ મિડીયામાં રિલીઝ થઈ છે. આ તસવીરોમાં તબ્બુ બ્લેક અને વ્હાઈટ કલરની સ્ટ્રિપ પ્રિન્ટ વાળા આઉટફિટમાં જોવા મળી રહી છે. આ સાથે એક્ટ્રેસે પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે કાનમાં સિલ્વર ઈયરરિંગ્સ પહેરી છે. આ તસવીરોમાં ફેન્સને તબ્બુનો મેક અપ એકદમ હાઈલાઈટેડ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને એક્ટ્રેસે વાદળી રંગનો આઈશેડો કર્યો છે જેને લઈને ટ્રોલ થઈ છે. ફેન્સની નજર વાદળી રંગના આઈશેડા પર ટકી ગઈ છે. હવે ટ્રોલર્સ ટ્રોલ કરી રહ્યા છે. આટલું જ નહીં, એક યુઝર્સે તબ્બુની આ તસવીરો પર કોમેન્ટ કરતા લખ્યુ છે કે કોઈ પણ ખૂબસુરત વ્યક્તિ માટે ભદ્દો મેક અપ અને તસવીરો. આ સાથે બીજા એક યુઝર્સે કોમેન્ટમાં લખ્યુ છે કે શું આ જાણી જોઈને આવું કરી રહ્યા છે? શું બકવાસ છે? આ સાથે યુઝર્સે જાતજાતની કોમેન્ટ્સ કરી છે. આમ, ફ્રેન્ડસ સતત તબ્બુની આ તસવીરો પર રિએક્ટ કરી રહ્યા છે. જો કે કેટલાક ફેન્સને તબ્બુનો આ લુક ખૂબ પસંદ પડી રહ્યો છે. આ સાથે અનેક લોકો વખાણ પણ કરી રહ્યા છે. જો કે હાલમાં તબ્બુ ક્રુ મુવીની સકસેસને એન્જોય કરી રહી છે. આ ફિલ્મએ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી છે. આ ફિલ્મમાં તબ્બુ, કરીના કપૂર અને કૃતિ સેનન છે. આ ત્રણેય એક્ટ્રેસ એર હોસ્ટેસની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે.

### નવી ફિલ્મોને કોલ્ડ ઓપનિંગ મળશે

# કરીના કપૂરની બે અઠવાડિયા જૂની ફિલ્મ ઈદ પર લોકોની ફેવરિટ બની

**કરીના, તબ્બુ અને કૃતિ સેનન અભિનીત બે સપ્તાહ જૂની ફિલ્મ 'ક્રુ' કરતાં ઈદના વીકએન્ડ માટે વધુ ટિકિટો વેચાઈ**

ઈદના દિવસે સિનેમાઘરોમાં ટક્કર થવા જઈ રહેલી બે ફિલ્મોને લઈને ભારે માહોલ સર્જાયો હતો. પરંતુ આ બંને ફિલ્મોને એડવાન્સ બુકિંગમાં જે પ્રતિસાદ મળી રહ્યો છે તે થિયેટર માટે સારા સમાચાર નથી. બોલિવૂડના બે મોટા સ્ટાર્સ અક્ષય કુમાર અને અજય દેવગનની ફિલ્મો ગુરુવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. જ્યારે અક્ષય અને ટાઈગર શ્રોફ 'બડે મિયાં છોટે મિયાં' લઈને આવી રહ્યા છે, ત્યારે અજય દેવગનની 'મેદાન' તેની સાથે રિલીઝ થશે. બંને ફિલ્મોનું એડવાન્સ બુકિંગ શનિવારથી શરૂ થઈ ગયું હતું. પરંતુ તેમને જનતા તરફથી ખૂબ જ ઠંડો પ્રતિસાદ મળી રહ્યો છે. બંને નવી ફિલ્મોની હાલત એવી છે કે કરીના



કપૂર, તબ્બુ અને કૃતિ સેનન અભિનીત બે સપ્તાહ જૂની ફિલ્મ 'ક્રુ' કરતાં ઈદના વીકએન્ડ માટે વધુ ટિકિટો વેચાઈ છે. નવી ફિલ્મો કરતાં બે અઠવાડિયા જૂના 'ક્રુ'નું વાતાવરણ ઝડપી છે કરિના, તબ્બુ અને કૃતિની ફિલ્મ 'ક્રુ' ૨૯ માર્ચે રિલીઝ થઈ હતી. બે અઠવાડિયા જૂની આ ફિલ્મ માટે ઓનલાઈન એડવાન્સ બુકિંગમાં બંને નવી ફિલ્મો કરતાં વધુ ટિકિટ વેચાઈ છે. બોક્સ ઓફિસ વર્લ્ડવાઈડના અહેવાલ મુજબ મંગળવાર સુધી ઓનલાઈન ટિકિટ બુકિંગ પ્લેટફોર્મ બુક માય શો પર આ સપ્તાહના અંતમાં 'ક્રુ'ની ટિકિટો સૌથી ઝડપી વેચાઈ છે. કરીના-તબ્બુની ફિલ્મની ૨૪ કલાકમાં ૩૭.૩૮ હજાર ટિકિટ વેચાઈ હતી.

# નીતેશ તિવારીની રામાયણમાં યશ રાવણ બનશે નહીં

**રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી દેવી સીતા અને સની દેઓલ હનુમાનની ભુમિકામાં છે**

નિતેશ તિવારીએ હાલમાં પોતાની ફિલ્મ રામાયણની શૂટિંગ શરૂ કરી છે. ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી દેવી સીતા અને સની દેઓલ હનુમાનની ભુમિકામાં છે. પહેલા ખબર આવી હતી કે યશ ફિલ્મમાં રાવણનું પાત્ર નિભાવશે. પરંતુ હવે એક રિપોર્ટ અનુસાર એક્ટર યશ ફિલ્મ રામાયણ સાથે ફક્ત પ્રોડ્યુસર તરીકે જોડાયેલા રહેશે અને તે રાવણનો રોલ પ્લે નહીં કરે. એક સૂત્ર અનુસાર યશે રાવણના પાત્રની ઓફરને ઠુકરાવી દીધી છે. તે ફક્ત એક મેકરની રીતે ફિલ્મ સાથે જોડાયેલા છે તેમણે લગભગ ૮૦ કરોડ લેવાની જગ્યા પર ફિલ્મ પ્રોડ્યુસ કરવાનું વિચાર્યુ છે. કથિત રીતે નિતેશ તિવારીએ ફિલ્મના સેટ પર નો-ફોન પોલિસી પણ લાગુ કરી દીધી છે.



### આર્મી ઓફિસર બનવાનું હતું સપનું

# દિવ્યાંકા ત્રિપાઠી એક્ટ્રેસ ટીવીની હાઇએસ્ટ પેડ એક્ટ્રેસીસમાં સામેલ


મોટાભાગે દક્ષિણમાં કામ કરનાર અભિનેત્રી પ્રિયામણી હવે હિન્દી દર્શકો માટે જાણીતું નામ બની ગઈ છે. મનોજ બાજપેયી સાથે વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન'માં જોવા મળેલી પ્રિયામણી ગયા વર્ષે શાહરૂખ ખાન સાથે 'જવાન'માં જોવા મળી હતી. તેણીની છેલ્લી બોલિવૂડ રીલીઝ યામી ગૌતમ સાથેની 'આર્ટિકલ ૩૭૦' હતી જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા પ્રિયમણિએ હવે વાત કરી છે કે શા માટે તેને દક્ષિણના એ-લિસ્ટ કલાકારો સાથે કાસ્ટ કરવામાં આવી નથી. પ્રિયમણીએ તેલુગુ અને તમિલ ઈન્ડસ્ટ્રીઝમાં ઘણું કામ કર્યુ છે. આ સવાલ પર વાત કરતા પ્રિયમણીએ કહ્યું કે આ સવાલ ખરેખર મેકર્સને પૂછવો જોઈએ. ગલાટ્ટા પ્લસ સાથેના એક ઈન્ટરવ્યુમાં, પ્રિયામણીને પૂછવામાં આવ્યું કે શા માટે તેણીને તેલુગુ અને તમિલ ઈન્ડસ્ટ્રીઝમાં છ-લિસ્ટ કલાકારોની સાથે કાસ્ટ કરવામાં આવતી નથી. આના જવાબમાં તેણીએ કહ્યું, 'સાચું કહું તો હું કોઈની ભૂલ શોધવાનો પ્રયાસ નથી કરી રહી. પરંતુ મેં ઘણા લોકો પાસેથી સાંભળ્યું છે કે તેઓ મને તેમની (ટોચના કલાકારો) સાથે અથવા તેમની ફિલ્મોમાં કાસ્ટ કરવા માંગતા નથી કારણ કે તેઓ વિચારે છે કે 'હું તેમને ખાઈશ'. મેં આ સાંભળ્યું છે. હું જાણું છું કે આ સાચું નથી, પરંતુ હું હજી સુધી સાચું કાર મોટાભાગે દક્ષિણમાં કામ કરનાર અભિનેત્રી પ્રિયામણી હવે હિન્દી દર્શકો માટે જાણીતું નામ બની ગઈ છે. મનોજ બાજપેયી સાથે વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન'માં જોવા મળેલી પ્રિયામણી ગયા વર્ષે શાહરૂખ ખાન સાથે 'જવાન'માં જોવા મળી હતી. તેણીની છેલ્લી બોલિવૂડ રીલીઝ યામી ગૌતમ સાથેની 'આર્ટિકલ ૩૭૦' હતી જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા પ્રિયમણિએ હવે વાત કરી છે. કે શા માટે તેને દક્ષિણના એ-લિસ્ટ કલાકારો સાથે કાસ્ટ કરવામાં આવી નથી. પ્રિયમણીએ તેલુગુ અને તમિલ ઈન્ડસ્ટ્રીઝમાં ઘણું કામ કર્યુ છે.



# ટોચના કલાકારોને લાગે છે કે હું તેમને ખાઈશ



મોટાભાગે દક્ષિણમાં કામ કરનાર અભિનેત્રી પ્રિયામણી હવે હિન્દી દર્શકો માટે જાણીતું નામ બની ગઈ છે. મનોજ બાજપેયી સાથે વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન'માં જોવા મળેલી પ્રિયામણી ગયા વર્ષે શાહરૂખ ખાન સાથે 'જવાન'માં જોવા મળી હતી. તેણીની છેલ્લી બોલિવૂડ રીલીઝ યામી ગૌતમ સાથેની 'આર્ટિકલ ૩૭૦' હતી જેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા પ્રિયમણિએ હવે વાત કરી છે કે શા માટે તેને દક્ષિણના એ-લિસ્ટ કલાકારો સાથે કાસ્ટ કરવામાં આવી નથી. પ્રિયમણીએ તેલુગુ અને તમિલ ઈન્ડસ્ટ્રીઝમાં ઘણું કામ કર્યુ



છે. આ સવાલ પર વાત કરતા પ્રિયમણીએ કહ્યું કે આ સવાલ ખરેખર મેકર્સને પૂછવો જોઈએ. ગલાટ્ટા પ્લસ સાથેના એક ઈન્ટરવ્યુમાં, પ્રિયામણીને પૂછવામાં આવ્યું કે શા માટે તેણીને તેલુગુ અને તમિલ ઈન્ડસ્ટ્રીઝમાં છ-લિસ્ટ કલાકારોની સાથે કાસ્ટ કરવામાં આવતી નથી. આના જવાબમાં તેણીએ કહ્યું, 'સાચું કહું તો હું કોઈની ભૂલ શોધવાનો પ્રયાસ નથી કરી રહી. પરંતુ મેં ઘણા લોકો પાસેથી સાંભળ્યું છે કે તેઓ મને તેમની (ટોચના કલાકારો) સાથે અથવા તેમની ફિલ્મોમાં કાસ્ટ કરવા માંગતા નથી કારણ કે તેઓ વિચારે છે કે 'હું તેમને ખાઈશ'. મેં આ સાંભળ્યું છે. હું જાણું છું કે આ સાચું નથી, પરંતુ હું હજી સુધી સાચું કારણ શોધી શક્યો નથી. પરંતુ તે બરાબર છે. કારણ ગમે તે હોય, હું એકદમ ઠીક છું. હું જ્યાં છું ત્યાં હું ખૂબ જ ખુશ અને ખૂબ જ આરામદાયક છું. પ્રિયમણીએ આ સવાલ પર આગળ કહ્યું કે તે નંબર ગેમમાં વિશ્વાસ નથી કરતી. તેને નથી લાગતું કે કલાકારો ત્યારે જ જોવા મળે છે જ્યારે તેઓ એ-લિસ્ટ કલાકારો સાથે કામ કરે છે. પ્રિયમણીએ વધુમાં કહ્યું, 'ક્યાંક, મને ખરાબ લાગ્યું કે મને એ-લિસ્ટ કલાકારો સાથે કાસ્ટ કરવામાં આવ્યો નથી, તેમ છતાં તેમાંથી અડધાથી વધુ લોકો મને પરિચિત છે. અમે જ્યારે પણ મળીએ છીએ, અમે ચોક્કસપણે 'હાય-હેલો' કહીએ છીએ. મને લાગે છે કે આ તેના માટે પણ એક પ્રશ્ન છે. પ્રિયમણી હવે અજય દેવગન સાથે ફિલ્મ 'મેદાન'માં જોવા મળવાની છે. ૧૧મી એપ્રિલે રિલીઝ થનારી આ ફિલ્મમાં તે અજયની પત્નીનો રોલ કરી રહી છે.

# લિવ-ઇન રિલેશનશિપમાં રહેવું એ પાપ છે, પરંતુ લગ્ન માટે જરૂરીઃ ઝીન્નત અમાન

**પીઢ અભિનેત્રી ઝીનત હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં એક દંતકથાનો દરજ્જો ધરાવે છે**




પીઢ અભિનેત્રી ઝીનત અમાન હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં એક દંતકથાનો દરજ્જો ધરાવે છે. ઝીનત, જે તેના સમયની સૌથી બોલ્ડ અભિનેત્રીઓમાં ગણવામાં આવતી હતી, તે આજકાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને તેની પોસ્ટ્સ આજના સમયમાં પણ ચાહકોને ખૂબ જ સંબંધિત લાગે છે. ઝીનતે હવે ઈન્સ્ટાગ્રામ પર તેના ચાહકો માટે સંબંધની સલાહ શેર કરી છે. ઝીનતે તેના પાલતુ સાથેની પોતાની એક તસવીર શેર કરી અને તેમાં આ સલાહનો ઉલ્લેખ કર્યો. ઝીનતે જણાવ્યું કે એક પ્રશંસકે તેની પાસેથી સંબંધની સલાહ માંગી હતી. ઝીનતે એ પણ જણાવ્યું કે જે સલાહ તે તેના ચાહકોને આપી રહી છે તે જ સલાહ તે પોતાના પુત્રોને પણ આપે છે. ઝીનતે તેના પાલતુ કૂતરા લિલી સાથેની એક તસવીર ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. પોસ્ટમાં તેણે લખ્યું, 'બે તીર, એક પોસ્ટ! પ્રથમ, લોકપ્રિય માંગ પ્રમાણે, આ રહી મારી ડેવિલ લિલી, આજે બપોરે બગીચામાં મજા કરી રહી છે. લિલી એ બોમ્બેની શેરીઓમાંથી બચાવાયેલો દેશી કૂતરો છે. તે મારા પડછાયા જેવી છે અને તેથી જ હું પાલતુ બચાવ અને દત્તક લેવાની ભલામણ કરું છું. ચાહકો સાથે સંબંધની સલાહ શેર કરતી વખતે, ઝીનતે આગળ લખ્યું, 'તમારામાંથી એકે મારી અગાઉની પોસ્ટના ટિપ્પણી વિભાગમાં સંબંધની સલાહ વિશે પૂછ્યું. મને એક અંગત અભિપ્રાય શેર કરવા દો, જે મેં પહેલાં શેર કર્યો નથી - જો તમે સંબંધમાં છો, તો હું તમને લગ્ન પહેલાં સાથે રહેવાનું ભારપૂર્વક સૂચન કરું છું! ઝીનતે આગળ લખ્યું, 'મેં મારા બંને પુત્રોને એ જ સલાહ આપી છે, જેઓ લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા છે અથવા રહી રહ્યા છે. મને તે તાર્કિક લાગે છે કે જ્યારે બે વ્યક્તિઓ તેમના પરિવાર અને સરકારને તેમની વચ્ચે લાવે છે, ત્યારે તેઓએ તેમના સંબંધોની અંતિમ પરીક્ષા કરવી જોઈએ.

# ૧૪ વર્ષ પછી 'હીરામંડી' વેબ સિરીઝમાં વલી મોહમ્મદ બનીને ફરદીન ખાન મચાવશે ધૂમ

**ફરદીન ખાને ટ્રેલર લોન્ચ દરમિયાન કહ્યું કે, આ મારા માટે બહુ લાંબો ગેપ રહ્યો છે**

સંજય લીલા ભણસાલીના નિર્દેશનમાં બનેલી 'હીરામંડી' વેબ સિરીઝ લાંબા સમયથી ચર્ચામાં છે. ભણસાલી વેબ સિરીઝ 'હીરામંડી'થી ઓટીટીની દુનિયામાં ડેબ્યુ કરી રહ્યા છે. આ દિવસોમાં સંજય લીલા ભણસાલીની પહેલી સિરીઝ 'હીરામંડી'ને લઈને સોશિયલ મિડીયામાં જબરજસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. ટ્રેલર રિલીઝ પછી ફેન્સનો જબરજસ્ત રિસ્પોન્સ મળી રહ્યો છે. 'હીરામંડી'ના સ્ટારકાસ્ટ પણ લોકોનું દિલ જીતી રહ્યા છે. આમ વાત કરવામાં આવે તો ૧૪ વર્ષ પછી ફરદીન ખાન ફિલ્મી દુનિયામાં કમબેક કરી રહ્યો છે. ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન ફરદીન ખાને કમબેકની લઈને વાત શેર કરી હતી. આ દરમિયાન ફરદીન ખાન ભાવુક થયેલો જોવા મળ્યો. આ ફિલ્મમાં પોતાના રોલને લઈને સંજય લીલા ભણસાલીનો આભાર પણ વ્યક્ત કર્યો છે. ફરદીન ખાને ટ્રેલર લોન્ચ દરમિયાન કહ્યું કે, આ મારા માટે બહુ લાંબો ગેપ રહ્યો છે, લગભગ ૧૪ વર્ષ થઇ ગયા છે. સંજય લીલા ભણસાલી અને નેટફ્લિકસનો આભારી છું જેમને મને આ મોકો આપ્યો. આ પળ મને બહુ ઈમોશનલ કરી રહી છે. ફરદીન આગળ જણાવે છે કે સંજયજીના પાત્રો બહુ મુશ્કેલીભર્યા અને ગંભીરતાથી ભરેલા હોય છે. આને સમજવું સરળ નથી. એમની સાથે કામ કરવુ એક ચેલેન્જ જેવુ હોય છે. આ દરમિયાન ફરદીન ખાન વચ્ચે-વચ્ચે ભાવુક થતા જોવા મળ્યા. આમ તમને જણાવી દઈકે ભણસાલીની હીરામંડીમાં ફરદીન વલી મોહમ્મદની ભૂમિકા નિભાવી રહ્યા છે. આમ, તમને જણાવી દઈએ કે ફરદીન ખાન છેલ્લે ૨૦૧૦માં દુલ્હા મિલ ગયા ફિલ્મમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મ કંઈ ખાસ કમાલ કરી શકી નહીં. ત્યારબાદ ફરદીન ખાન ઈન્ડસ્ટ્રીમાાંથી ગાયબ થઈ ગયા અને હવે હીરામંડીથી કમબેક કરશે. 'હીરામંડી'ની કહાનીની વાત કરવામાં આવે તો આ બે કોઠોની સંચાલક વૈશ્યાઓ વચ્ચેની કહાની છે. મલ્લિકાઝાન મનીષા કોઈરાલા અને ફરીદન (સોનાક્ષી સિન્હા) વચ્ચેની દુશ્મનીની હદ કમ્પીટિશન રહે છે. આમાં એક એવી દુનિયા દેખાડવામાં આવશે જ્યાં વૈશ્યાઓ રાણીઓના રૂપમાં રાજ કરે છે.







એલિસબ્રિજ વિધાનસભાના નવરંગપુરા વોર્ડના (રાજીવનગર) શાળા નંબર-૩૦ શક્તિકેન્દ્ર ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. લોકસભાના ચુંટણીમા ભાજપના ઉમેદવારશ્રી દિનેશભાઈ મકવાણાને જંગી બહુમતીથી વિજય બનાવી લોકલાડીલા પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ વધુ મજબૂત કરવા મહાનગરના અધ્યક્ષશ્રી અને ધારાસભ્યશ્રી અમિતભાઈ પી. શાહે અપીલ કરી હતી.

# થરા નગરમાં રમઝાન ઇદ-ઈદ ઉલ ફિત્રની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૧ ।

ગઈકાલે કાંકરેજ તાલુકાના થરા નગરમાં મુસ્લિમ સમાજનો પવિત્ર માસ રમઝાન પૂરો થતાંને બીજનો ચાંદ દેખાતાં રમઝાનઈદ ઈદ ઉલ ફિત્રની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજના બિરાદરોએ કોમી એક્તાની ભાવના સાથે નમાજ અદા કરી એકબીજાને શુભેચ્છા ઓ પાઠવી હતી.અલ્લાહની બંદગીના પવિત્ર રમઝાન માસના રોજા પૂરા થયા છે. સાથો સાથ ઈદનો ચાંદ દેખાતાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ગુરુવારે ઈદ-ઉલ-ફિત્ર -રમઝાન ઈદના તહેવારની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરો દ્વારા ગુરુવારે સવારે ઈદગાહમાં ઈદની નમાજ અદા કરાઈ હતી.

નમાઝ બાદ એકબીજાને ગળે મળી પરસ્પર ઈદની મુબારક બાદી પાઠવી હતી.

બાદ ટેલિફોન એક્સચેન્જની સામે આવેલ કબ્રસ્તાનોમાં મર્હુમોની કબર પર ફૂલ પણ ચઢાવાયા હતા. રાજય સરકાર દ્વારા ગુરુવારે રમઝાન ઈદની રજા જાહેર કરી હતી. તે મુજબ મુસ્લિમ સમાજ દ્વારા ગુરૂવારે રમઝાન ઈદની ઉજવણી થઈ હતી. ઈદ નિમિત્તે થરા નગરમાં આવેલ ઈદગાહ ખાતે નમાઝ પઢાવી દુઆઓ કરાઈ હતી. નમાઝ બાદ એકબીજાને ગળે મળી ઈદની મુબારકબાદી પાઠવી હતી. તેમજ પોલીસ સબ ઈન્સ્પેકટર બી.જે. ચૌધરી તથા પોલીસ સ્ટાફની હાજરીમાં શાંતિપૂર્ણ માહોલમાં ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરવામાં આવી.

# ઋષિમુનિઓ આદિતીર્થવાસીઓ હતા, જેઓએ ફળ ઓછા ખાધા છે, મૂળ વધારે ખાધા છે એટલે જ એની વાતોમાં મૂળ તત્વ દેખાય છે

## જ્યાં બહુ ભીડ ન હોય, શબ્દોનો દેકારો ન હોય ત્યાં રહેવું
## સંબંધોનું બંધન અને મહત્વાકાંક્ષાની જાળ બિછાવેલી ન હોય ત્યાં રહેવું

આદિતીર્થવાસી ક્ષેત્ર-ખાંડા ધરમપુરથી વહેતી રામકથાનાં ત્રીજા દિવસે બાપુએ જણાવ્યું કે આપણા ઋષિમુનિઓએ કેટલું ચિંતન કર્યું છે, એ અહોભાવ માટે,ઋષિમુનિઓ આદિતીર્થવાસીઓ હતા.જે પાંદડા, ફળ અને મૂળ ખાઈને જીવતા. આ ઋષિમુનિઓએ ફળ ઓછા ખાધા છે, મૂળ વધારે ખાધા છે એટલે જ એની વાતોમાં મૂળ તત્વ દેખાય છે.યુગો પહેલા વનમાં રહેનારા,ન સ્વર્ગની કામના,ન મોક્ષ,ન રિદ્ધિ-સિદ્ધિની કામના,ન કોઈ સ્વાર્થ સિદ્ધ કરવાની કામના.તેઓ કહેતાઃઅસતો મા સદગમય, મૃત્યોર્મા અમૃતમ ગમય-હે ઈશ્વર અમને સત્ય તરફ લઈ જાઓ, મૃત્યુથી દૂર કરી અમૃત તરફ લઈ જાઓ- આવું કહેનારા ઋષિઓ.

બારમાસના સમયનું એક વર્ષ એને સંવત્સર કહીએ એમાં વિવિધ સંવત્સરોની વાત કરતા પ્રમોદ સંવત્સર વિશે બાપુએ કહ્યું કે સુભાષ ભટ્ટે કહેલું કે આપણે ઘર બાંધીને રહેતા હોઈએ ત્યારે આસપાસમાં ૩૦૦ થી વધારે જીવો હળી-મળીને રહેતા હોઈએ છીએ, પણ એ જ ઘરમાં આપણે



બે-ચાર જણા કેમ આનંદ પ્રમોદથી રહી શકતા નથી! બાપુએ એ પણ જણાવ્યું કે ક્યાં રહેવું જોઈએ?

૧-જ્યાં બહુ ભીડ ના હોય. ૨-જ્યાં શબ્દોનો બહુ દેકારો ન હોય. ૩-જ્યાં સંબંધોના બંધનની મજબૂરી ન હોય. ૪-જ્યાં મહત્વકાંક્ષાની જાળ બિછાવેલી ન હોય એવી જગ્યાએ રહેવું જોઈએ.

તેરી મુશ્કિલ મેં કામ આઉં,ન આઉં;
એક આવાઝ લગા દેના,અચ્છા લગેગા!

આપણા પ્રકાંડ વેદોના પંડિત પ્રજ્ઞાવાન સાયનાચાર્ય મહારાજે ૨૧ પ્રકારના સમિધની વાત કરી છે.આમ તો યજ્ઞમાં સાત સમિધ હોમવાની વાત હોય છે.

# ગુજરાતમાં ૧૩થી ૧૬ એપ્રિલ સુધીમાં વાતાવરણ પલટાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી પડી રહેલ કાળઝાળ ગરમીમાં બે-ચાર દિવસ આંશિક રાહત મળે તેવી સંભાવના છે. જો કે, ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે બફારાનો અનુભવ થશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૧૩ થી ૧૬ એપ્રિલ સુધીમાં રાજ્યના છુટાછવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતના પૂર્વ અને દક્ષિણ ભાગમાં છુટોછવાયો વરસાદ વરસી શકે છે. ૧૩ થી ૧૬ એપ્રિલ દરમિયાન સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જે અંતર્ગત ૧૪ થી ૧૫ એપ્રિલે દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, કચ્છ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બીજી બાજુ ૧૬ એપ્રિલ દાહોદ, છોટાઉદેપુર, નર્મદા જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

## થરા નગરમાં બીએસએફ જવાનો સાથે પોલીસ સ્ટાફે ફ્લેગ માર્ચ કરી

। (પ્રતિનિધી) થરા, તા.૧૧ ।

ગઈકાલે કાંકરેજ તાલુકાના થરા નગરમાં દિયોદર ડીવાયએસપી, થરા પીએસઆઈ ચૌધરી તથા બીએસએફ જવાનો સાથે પોલીસ સ્ટાફે ઈદેમિલાદ તથા લોકસભા ચુંટણી અનુસંધાને થરા નગરના જુદા જુદા વિસ્તારમાં ફલેગમાર્ચ કરી શાંતિ કોમી એકતા ભાઈ ચારાનો માહોલ બની રહે તેવા પ્રયત્ન કરેલ.

# ઝાલોદ નગરમાં સિંધી સમાજ દ્વારા ચેટીચંદ પર્વની ઉજવણી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા સાથે હર્ષોલ્લાસ રીતે ઉજવણી કરાઈ

## દિવસભર મનોરંજક પ્રોગ્રામ, ધ્વજારોહણ, મહાઆરતી, શોભાયાત્રા, ભવ્ય શોભાયાત્રા તેમજ મહાપ્રસાદ જેવા પ્રોગ્રામ રાખવામાં આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

તારીખ ૧૦-૦૪-૨૦૨૪ બુધવારના દિવસે ઝાલોદ નગરની સિંધી જનરલ પંચાયત દ્વારા ઝૂલેલાલ મંદિરે વિવિધ પ્રોગ્રામો રાખી તેમજ સિંધી સમાજના તમામ વ્યાપારીઓ દ્વારા દુકાન, ઓફિસ બંધ રાખી સમાજના સહુ ભેગા થઈ ભવ્યાતિભવ્ય રીતે ચેટીચંદના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

ચૈત્ર સુદ બીજ એટલે સિંધી સમાજ માટે પોતાના આરાધ્ય દેવ એવા ઝુલેલાલ ભગવાનને ભક્તિભાવ સાથે પૂજન અર્ચન સાથે મહાપૂજા કરી નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. સિંધી સમાજના સહુ લોકો ચેટીચંદના દિવસે ઝૂલેલાલ મંદિરે સવારથી જ મોટી સંખ્યામાં ભેગા થયા હતા. સમાજના સહુ લોકો ભેગા મળી મીઠાચોક વિસ્તારમાં આવેલ ઝૂલેલાલ મંદીરે પહોંચ્યા હતા. સવારથી જ મંદિરે મહાઆરતી, મહાપૂજા, ધ્વજાઆરોહણ, ભજન કિર્તન તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામો રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ સાંજે સીંધી સમાજ દ્વારા ઝૂલેલાલ ભગવાનની શોભાયાત્રા નગરના માર્ગો પર કાઢવામાં આવી હતી. શોભાયાત્રા દરમ્યાન સમાજના સહુ લોકોએ વિવિધ વિસ્તારોમાં ગરબાની રમઝટ બોલાવી હતી. છેલ્લે રામસાગર તળાવ પર ભગવાન ઝૂલેલાલની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. દિવસ દરમ્યાન સમાજ દ્વારા રાખવામાં આવેલ ધાર્મિક કાર્યક્રમોમા સમાજના અગ્રણીઓ, મહિલાઓ, પુરુષો, બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો છેલ્લે સીંઘી સમાજ દ્વારા સમાજના સહુ લોકો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

# ZODIAC દ્વારા દ ૨૦૨૪ પોસીટાનો કલેક્શનની રજુઆત

## ઇટાલિયન રિવેરા દ્વારા પ્રેરિત રંગોમાં શુદ્ધ લિનન શર્ટ્સ

લિનન એ કાપડ વણાટમાં વપરાતા સૌથી જૂના તંતુઓમાંનું એક છે. શણના છોડના દાંડીમાં થી વણાયેલા તેને વિશ્વના સૌથી મજબૂત કુદરતી ફાઈબર તરીકે ઓળખવામાં આવે છે. લિનન ફેબ્રિકનું વણાટ હવા મુક્તપણે ફરે તે સુનિશ્ચિત કરે છે જે તેને આદર્શ ઉનાળાના વસ્ત્રો બનાવે છે.

ZODIAC એ લિનનનો ઉપયોગ કરે છે જે ફ્રાન્સના નોર્મેન્ડી પ્રદેશમાં ઉગાડવામાં આવતા શણમાંથી વણવામાં આવે છે જે વિશ્વની શ્રેષ્ઠ ગુણવત્તામાં છે. આ પ્રદેશની અનોખી માટી અને આબોહવાની પરિસ્થિતિઓ અને સ્થાનિક શણના ઉત્પાદકો દ્વારા વારસામાં મળેલી કુશળતાના કારણે શણના છોડ ઊંચા, વધુ પાતળા બને છે જે ખૂબ જ ઉચ્ચ ગુણવત્તાની લિનન ફેબ્રિકમાં પરિણમે છે.




લિનન શર્ટ્સને વધારે ધોવા થી અને વધુ વાર પહેરવા થી એ વધુ આરામદાયક બને છે. વાસ્તવમાં તો અત્યાધુનિક, કુદરતી રીતે કરચલીવાળો આ દેખાવ તમારા ઉનાળાના દેખાવની સુંદરતામાં વધુ વધારો કરે છે.

**દ ૨૦૨૪ પોસીટાનો શુદ્ધ કલેક્શન વિશે માહિતી**

આ કલેક્શનની કલર પેલેટ ઈટાલિયન રિવેરા પર અમાલ્ફી કોસ્ટ પર સ્થિત એક વિલક્ષણ નગર, પોસીટાનોના મંત્રમુગ્ધ દ્રશ્યને પ્રતિબિંબિત કરે છે જ્યાં બેઈજ, ગુલાબી, પીળા અને ટેરા કોટાના મોહક રંગોના ઘરો ટેકરીઓની બાજુથી સ્ફટિક વાદળી ભૂમધ્ય સમુદ્રના પાણી સુધી વહે છે. તે ટૂંકી અને લાંબી બંને સ્લીવ્સમાં ઘન, પટ્ટાઓ અને ચેકની વિશાળ શ્રેણીમાં ઉપલબ્ધ છે અને ખૂબ જ ભવ્ય રૂપમાં એમને ZODIAC ના લિનન જેકેટ્સ, ટ્રાઉઝર્સ અને બંધગલા સાથે જોડી શકાય છે.

આ લોન્ચ પર ટિપ્પણી કરતા ઢઝઝન્ના વાઈસ ચેરમેન અને મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સલમાન નૂરાનીએ કહ્યું હતું કે,'' ZODIACના દ ૨૦૨૪ પોસીટાનો શુદ્ધ કલેક્શનમાં શર્ટ્સના રંગો ફ્રેન્ચ ફ્લેક્સમાં થી વણાયેલા લિનન કાપડમાં ઈટાલિયન રિવેરાના રંગને દર્શાવે છે.''

# નેશનલ પેટ ડે નિમિતે ઝી ટીવીના કલાકારો તેમના રૂંવાટીવાળા મિત્રો સાથેની હૃદયસ્પર્શી વાર્તા કહે છે

દર વર્ષે ૧૧મી એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં નેશનલ પેટ ડેની ઉજવણી કરવામાં આવે છે, જે પ્રાણી કલ્યાણના મહત્વ વિશે જાગૃતતા ફેલાવવાનું છે. ઘરમાં એક પાળિતું પ્રાણી વધુ સકારાત્મક્તા ફેલાવે છે, તે કોઈપણ નિરશ દિવસને વધુ સારો અને ખુશાલ બનાવી શકે છે. તે એક બિનશરતી પ્રેમનું પ્રતિક છે અને પરિવારના સભ્યની જેમ જ આપણા રોજિંદા જીવનમાં હૂંફ લાવે છે. ઘણા પ્રાણીઓને દત્તક લેવામાં આવ્યા હોય તો કેટલાક પ્રાણીઓ ગલીઓમાંથી મળ્યા હોય છે, જેમને સમાજમાંથી જરા પણ પ્રેમ કે ધ્યાન નથી મળ્યું. રખડતા પશુઓના સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે, ઝી ટીવીના કલાકારો જેવા કે, ભાગ્ય લક્ષ્મીની ઐશ્વર્યા ખરે, કુમકુમ ભાગ્યની ક્રિષ્ના કૌલ, પ્યાર કા પહેલા નામ રાધા મોહનનો માનિત જૌરા, કુંડલી ભાગ્યનો પારસ કાલ્નાવત, કૈસે મુઝે તુમ મિલ ગયેંનો અર્જિત તનેજા તથા રબ સે હૈં દુઆનો ધીરજ ધૂપર તેમના જીવનમાં આવેલા રૂંવાટીવાળા મિત્રો પ્રત્યે આભાર વ્યક્ત કરે છે અને



જણાવે છે કે કઈ રીતે આપણે આ બેઘર પ્રાણીઓની મદદ કરી શકીએ છીએ. ઐશ્વર્યા ખરે, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં લક્ષ્મીનું પાત્ર કરી રહી છે તે કહે છે, ''બાળપણથી જ હું ઘરે એક રૂંવાટીવાળું મિત્ર લાવવા રાહ જોતી હતી, બે વર્ષ પહેલા મારું સપનું સાકાર થયું, જ્યારે બર્ફી, એક નાનકડું ગલુડિયું મારા જીવનમાં આવ્યું. બર્ફી એક પાળિતું પ્રાણી નથી, પણ તે અમારા પરિવારનો હિસ્સો છે. એક પાળિતું પ્રાણી હોવું એ જવાબદારીનું કામ છે, તેમને પ્રેમ કરવા, કાળજી રાખવા અને ધ્યાન આપવા માટે માનસિક અને શારીરિક તૈયારી જોઈએ. બર્ફીએ સરળતાથી અમારા રોજિંદા જીવનનો હિસ્સો બની ગયો છે, અને ઘણી વખત તો, 'કુમકુમ ભાગ્ય'ના સેટ પર મારી સાથે આવે છે. મારી બહેનની સાથે મળીને અમે અમારી વ્યસ્તતાની વચ્ચે પણ તેનું ધ્યાન રાખીએ છીએ.''

ક્રિષ્ના કૌલ, જે ઝી ટીવીના કુમકુમ ભાગ્યમાં રણબિરનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, ''નેશનલ પેટ દિન નિમિત્તે, હું મારી જાતને ખૂબ જ નસીબદાર ગણું છું કે, મારી પાસે પણ આવી ખુશીઓ છે, તે છે, મારો સાથી ફ્લેશ, જે મારા રોજિંદા જીવનમાં ખુશી લાવે છે. ફ્લેશ એ એક પાળિતું પ્રાણી નથી, પણ તે પરિવાર છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે. વ્યાપાર અને આનંદ-પ્રમોદને ભેગાં કરશો નહીં.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને હૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પ હોંચાડવામાં સફળ થશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. કામના સ્થળે જો તમે વધુ પડતા ઉતાવળા કે ઉત્સાહી બનશો તો ગુસ્સાનું વર્ચસ્વ વધશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે..

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમે જો એમ માનતા હો કે સમય જ નાણાં છે તે તમારે તમારી ઉચ્ચતમ ક્ષમતાએ પહોંચવા માટે જરૂરી પગલાં લેવાં જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે.

**ન્યૂઝ બ્રિફ**

## રામની મૂર્તિને ૧૭ એપ્રિલે ભગવાન સૂર્યના કિરણો દ્વારા આરાધ્ય દેવતાનું તિલક કરવામાં આવશે

। (એજન્સી) અયોધ્યા, તા.૧૧ ।

અયોધ્યામાં રામ મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત શ્રી રામની મૂર્તિને ૧૭ એપ્રિલે રામ નવમીના રોજ બપોરે ૧૨ વાગ્યે સૂર્યના કિરણોથી તિલક કરવામાં આવશે. કુલ પાંચ મિનિટ સુધી ભગવાન સૂર્યના કિરણો દ્વારા આરાધ્ય દેવતાનું તિલક થતું જોવા મળશે. આ સૂર્ય તિલક ૭૫ મીમીનું હશે. મંદિરના નિર્માણ સમયે જ સૂર્યના કિરણો સાથે રામના તિલકની કલ્પના કરવામાં આવી હતી. આ માટે સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CBRI) રૂરકીના વૈજ્ઞાનિકોની ટીમે સૂર્ય તિલકની ડિઝાઈન અને પાઈપિંગ પર કામ કર્યું છે. સૂર્ય તિલક પ્રોજેક્ટ હેઠળ રામ મંદિરના બીજા માળેથી ગર્ભગૃહમાં સ્થાપિત રામલલ્લાની મૂર્તિ સુધી પાઈપો અને ઓપ્ટો-મિકેનિકલ સિસ્ટમ્સ (લેન્સ, મિરર્સ, રિફ્લેક્ટર વગેરે) દ્વારા સૂર્ય કિરણો પહોંચાડવામાં આવશે.

## આગામી કોમનવેલ્થ ગેમ્સના યજમાનની જાહેરાત મે મહિનામાં થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સ માટેના યજમાનની જાહેરાત આવતા મહિને થવાની સંભાવના છે તેમ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશને જાહેર કર્યુ હતું. અગાઉ આ માટે ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયાની પસંદગી કરવામાં આવી હતી. જોકે હવે સ્થળ બદલવા માટે ઘણી દરખાસ્તો આવી હોવાનું પણ ફેડરેશને જણાવ્યું હતું. ફેડરેશને સોમવારે જણાવ્યું હતું કે અમને જે પ્રસ્તાવ મળ્યા છે જે ગુપ્ત રાખવામાં આવ્યા છે. ગયા વર્ષે જુલાઈમાં વિક્ટોરિયા સ્ટેટે ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકેનું પોતાનું નામ પરત ખેંચી લીધું હતું. તે વખતે તેમણે આયોજનની પડતર ખર્ચમાં વધારો થયો હોવાને કારણે આ નિર્ણય લીધો હતો. ત્યાર બાદ નવા યજમાનની હજી સુધી જાહેરાત કરાઈ નથી. ફેડરેશને સોમવારે જણાવ્યું હતું કે આ બાબતે નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને અમે આ બાબતે રોમાંચ અનુભવી રહ્યા છીએ કે અમને ઘણા પ્રસ્તાવ મળ્યા છે. આમ અમે ગેમ્સને ફરીથી જીવંત કરવા માટે આતુર છીએ. આ અંગે અમે સામૂહિત રીતે કાર્યરત છીએ અને તેની સમીક્ષા થઈ રહી છે. હાલમાં અમારો ઈરાદો મે મહિનાના પ્રારંભમાં નવા સ્થળની જાહેરાત કરવાની યોજના છે તેમ ફેડરેશને ઉમેર્યુ હતું.



ગુવાહાટી ખાતે કોંગ્રેસના નેતા જયરામ રમેશે પત્રકાર પરિષદને સંબોધતા નજરે પડે છે.

### ૨૬ નવેમ્બર ૨૦૧૭ માં હૈદરાબાદમાં એક હત્યા થઈ જેનો કીસ્સો

## પતિને ઈંજેક્શન આપીને હત્યા કરી, પ્રેમીએ કરાવી પ્લાસ્ટિક સર્જરી

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૧ ।

૨૬ નવેમ્બર ૨૦૧૭ માં હૈદરાબાદમાં એક હત્યા થઈ. હત્યાનો આ એવો બનાવ હતો કે ઉચ્ચ પોલીસ અધિકારીઓને વિચારવા માટે મજબૂર કરી દીધા. હૈદરાબાદમાં સ્વાતિ તેના પતિ સુધાકર રેડ્ડી, બે બાળકો અને માતા પિતા સાથે રહેતી હતી. ૩૨ વર્ષનો સુદાકર ૨૭ વર્ષની સ્વાતિને પ્રેમ પણ ખૂબ કરતો હતો. સુધાકરને કામ માટે અવારનવાર બહાર જવું પડતું હતું. એકલતા અનુભવતી સ્વાતિની મુલાકાત સી રાજેશ રેડ્ડી નામના શક્સ સાથે થઈ. એક ખાનગી હોસ્પિટલમાં ફિઝીયોથેરાપિસ્ટની નોકરી કરતો રાજેશ કુવારો હતો. મોડી રાત સુધી બન્નેની ફોન પર વાતો ચાલતી હતી. વાતો વધતા મુલાકાત શરૂ થઈ અને બન્ને વચ્ચે એક અનૈતિક સંબંધની શરૂઆત થઈ. રાજેશ સ્વાતિ પર ગાંડાની જેમ ફીદા હતો. તેની દરેક વાત માનતો હતો. બન્નેને અલગ રહેવું મુસ્કેલભર્યું લાગતું હતું. સ્વાતિએ એક દિવસ ટીવી પર તેલુગુ ફિલ્મ યેવાડુ જોઈ અને ફિલ્મ જોઈને તેના મનમાં એક ખતરનાક કાવતરાએ જન્મ લીધો. આ પ્લાન સુધાકરને રસ્તામાંથી હટાવવાનો હતો, તેની હત્યા કરવાનો હતો.એક દિવસ સુધાકર મીઠી ઉંઘમાં હતો. સ્વાતિ અને રાજેશે તેને એનેસ્થિસીયાનું ઈંજેકશન લગાવી દીધું. સુધાકર બેહોશ થઈ ગયો.

### તેના ભાઈએ પણ જીવ ગુમાવ્યો

## લગ્નના કાર્ડનું વિતરણ કરવા જઈ રહેલા યુવકનું રોડ અકસ્માતમાં મોત

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

મહારાષ્ટ્રના લાતુરમાં લગ્નના થોડા દિવસ પહેલા જ એક યુવકનું કરૂણ મોત થયું હતું. તેના ભાઈ સાથે બાઈક પર લગ્નના કાર્ડ વહેંચવા નીકળ્યો હતો. દરમિયાન કોઈ અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંને યુવાનોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. લાતુરમાં લગ્નના કાર્ડ વહેંચવા જઈ રહેલા એક યુવક અને તેના ભાઈએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો. બંને લગ્નના કાર્ડ વહેંચવા બાઈક પર નીકળ્યા હતા. કહેવાય છે કે આવતા અઠવાડિયે તેના લગ્ન થવાના હતા. મૃતકોની ઓળખ ૨૨ વષીય વિશાલ ભીવા નીલેવાડ અને ૨૫ વષીય આકાશ ધોંડીબા નિલેવાડ તરીકે થઈ છે. એજન્સી પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, બંને ભાઈઓ ઉદગીર તહસીલના અનુપવાડી ગામના રહેવાસી હતા. બુધવારે બંને લગ્નના કાર્ડ વહેંચવા નીકળ્યા હતા. આ દરમિયાન તેમની બાઈકને મોટા વાહને ટક્કર મારી હતી. બંને ભાઈઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. નજીકના લોકો બંનેને ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. બંને મૃત્યુ પામ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, વિશાલની સગાઈ થઈ હતી.

### નેપાળની સડકો પર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે

## નેપાળમાં રાજાશાહી અને હિંદુ રાષ્ટ્રની પુનઃસ્થાપનાની માંગ તેજ બની



। (એજન્સી) કાઠમાંડુ, તા.૧૧ ।

નેપાળમાં રાજાશાહી અને હિંદુ રાષ્ટ્રની પુનઃસ્થાપનાની માંગ તેજ બની છે અને તેના સમર્થનમા કાઠમંડુમાં ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા. આ દરમિયાન સેંકડો પ્રદર્શનકારીઓની પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. રાજાશાહી તરફી વિરોધ કરનારા ડઝનબંધ ઘાયલ થયા જ્યારે તેઓ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ્યા અને બેરિકેડ તોડ્યા. આ પછી પોલીસે લાકડીઓ, ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો. વિરોધ પ્રદર્શનને જમણેરી તરફી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાટી દ્વારા બોલાવવામાં આવ્યું હતું. તેના હજારો કાર્યકરો અને રાજાશાહી સમર્થકોએ રાજધાનીમાં કૂચ કરી અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. વિરોધમાં એકઠા થયેલા લોકોની ભીડને કારણે કાઠમંડુની લાઈફલાઈન કહેવાતો રસ્તો સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. દેખાવકારો નેપાળની વહીવટી રાજધાની સિંહ દરબાર તરફ આગળ વધવા લાગ્યા. સ્થાનિક સત્તાવાળાઓએ આ વિસ્તારમાં કર્ફ્યુ વધુ કડક બનાવ્યો છે, કારણ કે આ વિરોધ પ્રદર્શનો વારંવાર અથડામણમાં પરિણમે છે. આરપીપી પ્રમુખ અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન રાજેન્દ્ર લિંગડેન, જે પ્રદર્શનકારીઓની આગેવાની કરી રહ્યા હતા, તેમને પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. પ્રતિબંધના આદેશનું ઉલ્લંઘન કરીને તે આમી હેડક્વાર્ટર પાસે ભદ્રકાલી મંદિર પહોંચી ગયો હતો. આ પછી તેના સમર્થકોએ બે જગ્યાએ સુરક્ષા દળો પર હુમલો કર્યો અને પછી ભાગી ગયા. પોલીસ બેરિકેડ રાજાશાહી સમર્થકો સામે ટકી શકી ન હતી. આ તમામ દેખાવકારો રાજાશાહીની પુનઃસ્થાપના અને નેપાળને હિંદુ રાજ્ય જાહેર કરવાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા.

## ટેક્સાસમાં ગભરાટ વચ્ચે ભારતીય-અમેરિકન વિદ્યાર્થિની ઈશિકા ઠાકુર ગુમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અમેરિકાના ટેક્સાસ રાજ્યના ળિસ્કો પોલીસ વિભાગે જણાવ્યું હતું કે ગુમ થયેલી ૧૭ વષીય ભારતીય-અમેરિકન વિદ્યાથી ઈશિકા ઠાકુર સુરક્ષિત મળી આવી છે. ઈશિકા બ્રાઉનવુડ ડ્રાઈવ પરના તેના ઘરેથી ગુમ થઈ ગઈ હતી અને છેલ્લે કાળો શર્ટ અને લાલ/લીલો પાયજામા પહેરેલી જોવા મળી હતી. અધિકારીઓએ ગંભીર ગુમ થવાની ચેતવણી જારી કરી હતીઈશિકાના ગુમ થવાથી દરેકની ચિંતા વધી ગઈ હતી કારણ કે આ પહેલા ગુમ થયેલા ઘણા ભારતીય વિદ્યાથીઓ પાછળથી મૃત મળી આવ્યા હતા. ઓછામાં ઓછા ૧૧ ભારતીયો અને ભારતીય મૂળના વિદ્યાથીઓ ૨૦૨૪માં યુ.એસ. માં મૃત હાલતમાં મળી આવ્યા છે, જે તમામ ૨૫ વર્ષ કે તેથી ઓછી ઉંમરના હતા. ઈશિકા ગુમ થયા બાદ તરત જ સંબંધિત અધિકારીઓએ ગંભીર ગુમ થવા અંગે ચેતવણી જારી કરી હતી.અધિકારીઓએ ઈશિકાને શોધી કાઢીવ્યાપક શોધ પ્રયાસો બાદ અધિકારીઓએ ઈશિકાને શોધી કાઢી છે. "ગુમ થયેલ ૧૭ વષીય વિદ્યાથી, જેના માટે આજે એક ગંભીર ગુમ ચેતવણી જારી કરવામાં આવી હતી, તે શોધી કાઢવામાં આવ્યો છે," પોલીસ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું. અમેરિકામાં ભારતીયો અને ભારતીય મૂળના વિદ્યાથીઓની સુરક્ષાને લઈને ચાલી રહેલી ચિંતા વચ્ચે ઈશિકાનો મામલો સામે આવ્યો છે.અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાથીઓનું મોતઅમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાથીઓના મોતનો સિલસિલો અટકવાનો નથી.

## એક શખ્સે મક્કાની મસ્જિદમાંથી કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઈસ્લામના સૌથી પવિત્ર સ્થળ સાઉદી અરેબિયાના મક્કાની ગ્રાન્ડ મસ્જિદમાં એક વ્યક્તિએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઈસ્લામના પવિત્ર માસ રમઝાન અને ઈદના અંત પહેલા આ વ્યક્તિએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, વ્યક્તિએ અલ-મસ્જિદ અલ-હરમના ઉપરના માળેથી નીચે કૂદી પડ્યો હતો. કૂદવાને કારણે વ્યક્તિને ઈજાઓ થઈ હતી. જો કે, તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જેના કારણે તેનો જીવ બચી ગયો. અધિકારીઓ આ મામલે તપાસ કરી રહ્યા છે. જોકે, આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિની ઓળખ અને રાષ્ટ્રીયતા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. સોશિયલ મીડિયા સાઈટ ઠ પર આ માહિતી આપતા સાઉદી અધિકારીઓએ કહ્યું કે આ ઘટના અંગે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી લેવામાં આવી છે. મક્કાની મસ્જિદની અંદર આત્મહત્યાનો આ પહેલો કિસ્સો નથી, પરંતુ અગાઉ પણ આવી ઘટનાઓ જોવા મળી છે. વર્ષ ૨૦૧૮માં આવી ત્રણ ઘટનાઓ બની હતી. એક ઘટનામાં એક ઈરાકી મુસ્લિમે પવિત્ર કાબાની પરિક્રમા વિસ્તારની ઊંચાઈ પરથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. હુસૈન હમીદ અલ હૈદરી નામનો ઈરાકી વ્યક્તિ નમાઝ અદા કરી રહેલા મુસ્લિમો વચ્ચે કાબાની ઊંચાઈ પરથી પડીને કાબાની પ્રદક્ષિણા કરી રહ્યો હતો અને તેણે જીવ ગુમાવ્યો હતો. તે જ વર્ષે જૂન મહિનામાં, એક ળેન્ચ મુસ્લિમે મસ્જિદની છત પરથી છલાંગ લગાવી.

**વિશેષ**

### કિમ જોંગ ઉને દેશની મુખ્ય મિલિટરી યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી

# 'યુદ્ધનો સમય આવી ગયો છે...', ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગે ફરી ધમકી આપી

**કિમ જોંગે અગાઉ નવી હાઇપરસોનિક મધ્યવતી બેલિસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કર્યું હતું, આ અંગે વિશ્લેષકોએ મતે આ બેલેસ્ટિક મિસાઈલ ઉત્તર કોરિયાની મિસાઈલ તૈનાત કરવાની ક્ષમતાને વધુ મજબૂત કરશે**

ઉત્તર કોરિયાના સૈન્ય શાસક કિમ જોંગ ઉને ફરી એકવાર યુદ્ધને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે દેશભરમાં સૈન્ય અને રાજકીય સ્થિતિ સ્થિર નથી. આ કારણે આપણે હવે પહેલા કરતા વધુ યુદ્ધ માટે તૈયાર રહેવું પડશે.ઉત્તર કોરિયાની સરકારી સમાચાર એજન્સી અનુસાર, કિમ જોંગ ઉને દેશની મુખ્ય સૈન્ય યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ મહિનાની શરૂઆતમાં, તેણે અગાઉ નવી હાઈપરસોનિક મધ્યવતી બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું.

આ અંગે વિશ્લેષકોએ કહ્યું હતું કે આ બેલેસ્ટિક મિસાઈલ ઉત્તર કોરિયાની મિસાઈલ તૈનાત કરવાની ક્ષમતાને વધુ મજબૂત કરશે.તમને જણાવી દઈએ કે ઉત્તર કોરિયા વાસ્તવમાં દક્ષિણ કોરિયા અને અમેરિકા પર સૈન્ય તણાવ વધારવાનો આરોપ લગાવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ-ઉને પરમાણુ હથિયારોને લઈને કહ્યું હતું કે જો દુશ્મન ઉશ્કેરશે તો અમે પરમાણુ હુમલો કરવામાં અચકાઈશું નહીં. કિમે સ્પષ્ટ સૂચના આપી હતી કે જો દુશ્મન પરમાણુ હુમલાની ધમકી આપે છે અથવા ઉશ્કેરશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરતા ખચકાઈશું નહીં. આ પછી ઉત્તર કોરિયાએ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ હવાંગ-૧૮ લોન્ચ કરી.પરંતુ શું કિમ ખરેખર પરમાણુ હુમલો કરી શકે છે?ઉત્તર કોરિયાનો દાવો છે કે તે યુદ્ધની વિરુદ્ધ છે અને તેણે પોતાના પરમાણુ શસ્ત્રો સ્વરક્ષણ માટે રાખ્યા છે. તેમનું કહેવું છે કે અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાનની 'પ્રતિકૂળ' નીતિઓનો સામનો કરવા માટે આ જરૂરી છે.ગયા વર્ષે સૈન્ય પરેડ દરમિયાન કિમે કહ્યું હતું કે દેશના હિતોનું ઉલ્લંઘન કરનારા કોઈપણ પર હુમલો કરવાની જવાબદારી તેમણે પોતાના પરમાણુ દળને સોંપી છે.ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ ઉત્તર કોરિયાએ તેના એક કાયદામાં સુધારો કર્યો હતો, જે તેને સંભવિત હુમલાના ખતરાને ધ્યાનમાં રાખીને પહેલા પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાનો અધિકાર આપે છે.કાયદા અનુસાર, જો ઉત્તર કોરિયા પર પરમાણુ હુમલાનો ખતરો હોય, જો તેના નેતૃત્વ અથવા લોકોના જીવને ખતરો હોય અથવા જો કોઈ દેશ હુમલો કરવાની તૈયારી કરી રહ્યો હોય, તો આવી સ્થિતિમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકાય છે. પરિસ્થિતિઆ કાયદામાં કિમ જોંગને પરમાણુ હથિયારોના ઉપયોગ અંગેના તમામ નિર્ણયો લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે. પરંતુ જો કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમને કોઈ ખતરો લાગશે તો મિસાઈલ 'ઓટોમેટિકલી' લોન્ચ કરશે. એટલે કે, કિમ જોંગની મંજૂરીની જરૂર નહીં પડે.આ વર્ષે સપ્ટેમ્બરમાં જ, બીજો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો, જે અમેરિકન ઉશ્કેરણીઓને રોકવા માટે પરમાણુ હથિયારોના ઉત્પાદનને વેગ આપવાનો અધિકાર આપે છે.જુલાઈમાં, ઉત્તર કોરિયાના સંરક્ષણ પ્રધાન કાંગ સુન નામએ કહ્યું હતું કે દક્ષિણ કોરિયામાં યુએસ એરક્રાફ્ટ કેરિયર્સ, બોમ્બર અને મિસાઈલ સબમરીનની તૈનાતીથી પરમાણુ હથિયારોના ઉપયોગનું જોખમ વધી ગયું છે.પરમાણુ શસ્ત્રોનો ભંડાર કેટલો મોટો છે?એવું માનવામાં આવે છે કે ઉત્તર કોરિયાના પરમાણુ હથિયારોના શસ્ત્રાગારમાં ૩૦ થી ૪૦ શસ્ત્રો હશે.



## ન્યૂઝ બ્રિફ

### કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રોહન ગુપ્તા ભાજપમાં જોડાયા


। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

પિતાની બીમારીનું બહાનુ આપી કોંગ્રેસને ચૂંટણી લડવાની ના પાડનાર રોહન ગુપ્તા આખરે ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસના પૂર્વ નેતા રોહન ગુપ્તાએ દિલ્હી ખાતે કેસરિયો ધારણ કર્યો હતો. કોંગ્રેસે અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તાને ટિકિટ આપી હતી, પરંતુ બાદમાં રોહન ગુપ્તાએ ઉમેદવારી પાછી ખેંચી હતી. જેના બાદ રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. હવે તેમણે કેસરિયા કરી લીધા છે. મહત્વનું છે કે, કોંગ્રેસમાંથી ઉમેદવાર જાહેર થયા બાદ અચાનક ચૂંટણી લડવાનો ઈન્કાર કરનાર રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધુ હતું. રોહન ગુપ્તાએ રાજીનામાના પત્રમાં નારાજગી વ્યક્ત કરી હતી. આ સાથે તેમને મોટા નેતા દ્વારા અપમાનિત કર્યાનો ઉલ્લેખ પણ કરાયો હતો. અમદાવાદ પૂર્વ બેઠક પરથી કોંગ્રેસે રોહન ગુપ્તાને ટિકિટ આપી હતી. પરંતુ અંગત કારણોસર ચૂંટણી નથી લડવાનું તેમણે જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, પિતા રાજકુમાર ગુપ્તાની તબીયત નાદુરસ્ત હોવાનું કારણ આગળ કર્યુ હતુ. રાજીનામું આપતા રોહન ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'છેલ્લા ત્રણ દિવસથી મારી અને મારા પરિવારની છબિ બગાડવાના પ્રયાસો થઈ રહ્યા હતા.

### ડાંગના સાપુતારામાં પાંચ શખ્સોને પોલીસે એરગન સાથે ઝડપી લીધા

। (એજન્સી) સાપુતારા, તા.૧૧ ।

ડાંગના સાપુતારામાં પાંચ શખ્સોને પોલીસે એરગન સાથે ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી પોલીસે એરગનના ૩૪ નંગ છરા પણ કબજે કર્યા હતા. આરોપીઓ તેનો ક્યાં ઉપયોગ કરવાના હતા તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. હાલમાં લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને રાજ્યભરમાં પોલીસ એલર્ટ મોડ પર છે. તમામ જીલ્લાઓ અને શહેરોમાં પોલીસ બેરીકેડ સાથે સઘન વાહન ચેકીંગ કરી રહી છે. દરમિયાન ડાંગના સાપુતારામાં વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. વાહન ચેકીંગ દરમિયાન પોલીસે ડાંગના સાપુતારામાં એરગન સાથે પાંચ જણાને ઝડપી લઈને તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં આ પાંચેય આરોપીઓ મહારાષ્ટ્રના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેમની પાસેથી ૨ ગન ઉપરાંત એરગનના ૩૪ નંગ છરા પણ કબજે કર્યા હતા. પોલીસે પાચંય આરોપીઓ પાસેથી ૧૦.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓ શા માટે એર ગન લઈને જઈ રહ્યા હતા.



મુસ્લિમ લોકોએ જુમ્મા મસ્જિદમાં રમજાન ઈદની નમાજ અદા કરી હતી.

### અમદાવાદ પીજીનો રાફડો ફાટ્યો

# અમદાવાદમાં પેઈંગ ગેસ્ટ મામલે માથાકૂટ, રહેવાસીઓ પરેશાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શહેરમાં PG માટે લેવાતા ભાડા વિસ્તાર મુજબ અલગ-અલગ હોય છે. PG માટે ૫ હજાર રૂપિયાથી લઈને ૨૦ હજાર રૂપિયા દર મહિને લેવાતા હોય છે. શહેરમાં મોટી સોસાયટી હોય કે પછી ફલેટ તમામ વિસ્તારોમાં લોકો હવે પોતાના મકાનોમાં પેઈંગ ગેસ્ટ રાખવા લાગ્યા છે. PG રાખવું અનેક વખત મોટી સમસ્યા પણ બને છે. કારણ કે PGમાં રહેતા યુવક-યુવતીઓ એકલા રહેતા હોવાથી બેફામ વર્તન કરતા હોવાની સોસાયટીના અન્ય લોકો ફરીયાદ કરવા લાગ્યા છે. થોડા દિવસ પહેલા બોડકદેવની એક સોસાયટીના રહીશોનો આરોપ છે કે PGના કારણે અનેક સામાજિક પ્રશ્નો ઉભા થયા





છે. રહીશોનું માનવું છે કે રહેણાંક વિસ્તારોમાં PG બંધ થવા જોઈએ. સોસાયટીના રહીશોનું માનવું છે કે PG એક મોટો Problem છે. એક રીતે કહી શકાય કે PG ન્યુસન્સ છે કારણ કે છોકરા-છોકરીઓ મોડી રાત સુધી જાગે છે અને તેમના ત્યાં અનેક લોકો કામના બહાને અવર-જવર કરતા હોય છે. થોડા દિવસ પહેલા TRPમોલમાં આગ લાગી હતી. આગ લાગવાની ઘટનામાં મોલમાં PG ચાલતું હોવાનું સામે આવ્યા બાદ તેને બંધ કરવામાં આવ્યું. કારણ કે ક્યારે પણ કોમર્સિયલ કોમ્પ્લેક્સમા PGને મંજૂરી મળી નથી. શહેરમાં PG તરીકે રહેતા યુવાનો અને યુવતીઓ પોતાના માટે આને મજબૂરી ગણાવી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને રોજગાર માટે આવેલા લોકો શહેરમાં પોતાના બજેટ અને સગવડતાને ધ્યાનમાં રાખી PGમાં રહેવું વધુ પસંદ કરે છે. જો કે ટીઆરપી મોલ ઘટના બાદ શહેરમાં અનેક સ્થાનો પર PGને લઈને વિવાદ જોવા મળ્યો છે. શહેરમાં PG નું ન્યુસન્સ વધતા અનેક સોસાયટીઓ અને ફલેટમાં PG Not Allowedના બેનરો લગાવવામાં આવ્યા છે. આ મામલે હવે રહીશો પણ માંગ કરી રહ્યા છે કે તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવે.

### ગુજરાત કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો

# કોંગ્રેસના પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય સોમાભાઈ પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય સોમાભાઈ પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને રાજીનામું મોકલ્યું છે. જેમાં તેમણે અંગત કારણો સર રાજીનામું આપ્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે.

તળપદા કોળી સમાજના આગેવાન અને હવે અપક્ષમાંથી ચૂંટણી લડે તેવી શક્યતાઓ દર્શાવાય રહી છે. સોમાભાઈ પટેલે રાજીનામામાં લખ્યું કે, 'હું કોળી સોમાભાઈ પટેલ પૂર્વ સાંસદ સુરેન્દ્રનગર અને પૂર્વ ધારાસભ્ય લીંબડી. મારા અંગત



કારણોસર કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી હું રાજીનામું આપું છું. જે સ્વીકારવા વિનંતી છે. મહત્વનું છે કે, આ રાજીનામાં પત્ર શક્તિસિંહ ગોહિલ સહિત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા અને સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ નૌશાદ સોલંકીને પણ મોકલ્યો છે. તો સોમાભાઈ પટેલે કહ્યું કે, હું ચૂંટણી લડવાનો નથી.' સુરેન્દ્રનગર બેઠક પર સૌથી વધુ સોમાભાઈ પટેલ સાંસદ બન્યા હતા. સોમાભાઈ પટેલ વર્ષ ૧૯૮૯માં ભાજપમાંથી સુરેન્દ્રનગર બેઠક પર ઉમેદવારી કરી હતી અને આ બેઠક પર પહેલીવાર ભાજપનો વિજય થયો હતો. ત્યાર બાદ ૧૯૯૧ની લોકસભા બેઠક પર ભાજપે ફરી સોમાભાઈ પટેલને ટિકિટ આપી હતી. આ ચૂંટણીમાં પણ સોમાભાઈ પટેલ વિજેતા બન્યા હતા. આમ સતત બે વાર સોમાભાઈ પટેલ આ બેઠક પર વિજેતા થયા હતા. વર્ષ ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં ફરી એક વાર ભાજપે સોમાભાઈ પટેલને ટિકિટ આપી હતી, જેમાં તેમણે જીત મેળવી હતી.

# ગુજરાતમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં ઉનાળો દિવસે દિવસે આકરો થતો જઈ રહ્યો છે. ગુજરાતમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયુ છે. તાપમાનમાં વધારો થવાની સાથે ગુજરાતમાં રોગચાળો પણ વકરી રહ્યો છે.કાળઝાળ ગરમીના પગલે રાજ્યમાં બીમારીના કેસ વધ્યાં છે. ગુજરાતમાં કાળઝાળ ગરમીના પગલે છેલ્લા ૯ દિવસમાં ૧૫૦૦થી વધુ લોકો બેભાન થયા હોવાના કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ પેટમાં દુઃખાવો, ઝાડા ઉલટી, બેભાન કે અર્ધબેભાન થવાના કેસ વધ્યાં છે. ગરમીની બીમારીને કારણે ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ કોલ મળ્યાં હોવાનું સામે આવ્યુ છે.ગુજરાતમાં ગઈકાલે અનેક શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ છે. રાજકોટમાં સૌથી વધુ મહત્તમ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં મહત્તમ ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પાંચ શહેરોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. તો આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.



# કારની લોનના હપ્તા ભરવા રીઢા ચોરે લાખોની ચોરીના ગુનાને અંજામ આપ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

સરખેજ પોલીસ કસ્ટડીમાં ઉભેલા રીઢા ચોર જેનું નામ છે અનિલ ઉર્ફે બાલો વાઘેલા અને સુરેશ ઉર્ફે સુકો મકવાણા છે. આ આરોપીઓએ એક અઠવાડિયા પહેલાં બોપલ આંબલી રોડ પર નિવૃત્ત વૃદ્ધ દંપતીના બંધ બંગલામાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ સહિત ૯ લાખની ચોરી કરી હતી, જે મામલે સરખેજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે આરોપી ચોરીના મુદ્દામાલ સાથે જમાલપુર નજીક પસાર થઈ રહ્યા છે અને ચોરી કરેલ મુદામાલ વેચવા માટે જઈ રહયા છે જે માહિતીના આધારે પોલીસે બે આરોપી અનિલ ઉર્ફે બાલો વાઘેલા અને સુરેશ ઉર્ફે સુકો મકવાણાને ઝડપીને ચોરીનો સોના ચાંદીના દાગીના રોકડ સહિત ૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સરખેજ પોલીસની પૂછપરછમાં આ બંને રીઢા ચોરે કબૂલાત કરી છે કે આરોપી અનિલ વાઘેલા અને સુરેશ મકવાણા મૂળ ધોળકાના રહેવાસી છે અને બન્ને મિત્રો છે. આરોપી સુરેશ અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલો છે.

### સતત બદલાઈ રહી છે રાજકીય પરિસ્થિતિ

# ક્ષત્રિયો અંગે રૂપાલાના નિવેદન બાદ એવો ભડકો થયો છે કે, એ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો

## ક્ષત્રિય પ્રભુત્વ ધરાવતા ગામડાઓમાં ભાજપનો પ્રવેશ બંધ : કેટલાક ગામોમાં ભાજપના કાર્યક્રમનો વિરોધ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં રૂપાલાના કડવા વચનોથી લાગેલી આગ હવે ધીરે ધીરે ગુજરાતના ગામડાઓમાં ફેલાઈ રહી છે. ક્ષત્રિય પ્રભુત્વ ધરાવતા ગામડાઓમાં ભાજપનો પ્રવેશ બંધ છે તો કેટલાક ગામોમાં ભાજપના કાર્યક્રમનો રીતસરનો વિરોધ થઈ રહ્યો છે. હવે આ આંદોલન કાબૂ બહાર જતાં ભાજપ પણ ટેન્શન છે. મોદીની સભા પહેલાં ભાજપ કોઈ પણ સંજોગોમાં આ આંદોલનનું ફીડલું વાળી દેવાના મૂડમાં છે. ગુજરાતના રાજકોટમાં ૧૪મી એપ્રિલે યોજાનાર ક્ષત્રિય સંમેલન બાદ એ ફાયનલ થશે કે આ આંદોલનની અસર કેટલી રહેશે. ભાજપે ૨૬માંથી ૨૬ બેઠકો ૫ લાખની લીડથી જીતવાના ટાર્ગેટ સાથે લોકસભાની ચૂંટણીનો પ્રચાર તો શરૂ કર્યો છે પણ આ આંદોલન વકર્યું તો કોંગ્રેસને સીધો ફાયદો થઈ જશે.

ભલે હાલમાં આ આંદોલન હાલમાં ગરાશિયા રાજપૂતો સુધી સીમિત હોય પણ હવે ધીરેધીરે ક્ષત્રિય સમાજના તમામ વર્ગો એક થઈ રહ્યાં છે. રસ્તા પર ન ચાલતું આ આંદોલન સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી રહ્યું છે. ક્ષત્રિયો ગામે ગામ કુળદેવીના સોગંધ લઈ રહ્યાં છે. આ હવે વટનો સવાલ બની ગયો છે ભાજપ માટે પણ અને ક્ષત્રિઓ માટે પણ... રૂપાલાની આગ વધુ વકરી તો રૂપાલા તો જીતી જશે પણ આ આગ ભાવનગર, કચ્છ, સુરેન્દ્રનગર અને જામનગરના ઉમેદવારને દઝાડશે એમાં કોઈ નવાઈ નહીં.. આ સિવાય પેટા ચૂંટણીમાં પણ વિજાપુરના સી. જે ચાવડા અને વાઘોડિયાના અપક્ષ ઉમેદવારને ભારે પડશે.

ગુજરાતના રાજકોટમાં ૧૪મીએ ક્ષત્રિય સંમેલનને પગલે ગામે ગામ લોકોને આ સંમેલનમાં જોડાવવા માટે આહવાન થઈ રહ્યાં છે. આ વિધાનસભાની ચૂંટણી નથી. લોકસભામાં ગામડાઓના મતોનું પણ એટલું જ પ્રભુત્વ છે. રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં ભાજપ સાથે જોડાયેલા કેટલાક નેતાઓ ક્ષત્રિયોના આ આંદોલનથી દૂર રહ્યા છે. રાજવી પરિવારમાં પણ ૨ ભાગલા પડ્યા છે. જામનગર, દાંતા અને રાજકોટના રાજવીએ રૂપાલાને માફ કરી દેવાની અપીલ કરી છે જયારે સુરન્દ્રનગર જિલ્લાના સાત રાજવીઓ ક્ષત્રિય સમાજના સમર્થનમાં આવ્યા હતા. ત્યારે હવે વધુ એક રાજવી ક્ષત્રિય સમાજના સમર્થનમાં આવ્યા છે. આમ રાજવી પરિવારો પણ ૨ ભાગમાં વહેંચાયા છે.

લોકસભાની ચૂંટણી સમયે જ ભાજપ ભેરવાયું છે. હવે ઉમેદવારના ફોર્મ ભરવાની ઘડી નજીક આવી છે ત્યારે હજુ આ મામલો થાળે પડી શક્યો નથી. જોકે, એવી વાત બહાર આવી છેકે, ક્ષત્રિય આંદોલનને પાછલા બારણે પ્રોત્સાહન આપનારાં અન્ય કોઈ નહી પણ ખુદ ભાજપના જ અસંતુષ્ટો અસલી ખેલાડી છે. આ આખાય પ્રકરણમાં એક પૂર્વ મંત્રી ઉપરાંત પાંચેક અન્ય નેતાઓની સંડોવણી હોવાની ચર્ચા છે. આ વાતની જાણ થતા જ ખુદ ભાજપનું મોવડીમંડળ પણ ચોંકી ઉઠ્યું છે. આમ, ઘર કા ભેદી લંકા ઢાર્ય જેવી સ્થિતી સર્જાઈ છે.

### કેશોદમાં ૨૪ વર્ષીય યુવતીએ સગાઈ તૂટી જતા આપઘાત કર્યો

। (એજન્સી) કેશોદ, તા.૧૧ ।

જૂનાગઢના કેશોદમાં ૨૪ વર્ષીય યુવતીએ સગાઈ તૂટી જતા આપઘાત કર્યો છે. યુવતીએ આપઘાત પહેલા બે પાનાંની સ્યૂસાઈડ નોટ લખીને સાસરી પક્ષના લોકો પર આક્ષેપ મૂક્યો છે. સગાઈ તોડી નાંખવાના આઘાતથી યુવતી દુખી હતી. હાલ પોલીસે સ્યૂસાઈટ નોટ પરથી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જુનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાના ટીટોળી ગામમાં રહેતી રહેતી ૨૪ વર્ષીય અસ્મિતા સોંદરવાના લગ્ન સાહિલ રાઠોડ નામના યુવક સાથે નક્કી થયા હતા. થોડા સમય પહેલા જ બંનેની સગાઈ થઈ હતી, અને બંનેના પરિવારજનો દ્વારા લગ્નની તારીખ પણ નક્કી કરાઈ હતી. પરંતુ કોઈક કારણોસર લાગી આવતા રાહુલના ઘરના લોકોએ લગ્ન માટે ના પાડી હતી. સાસરીવાળાએ લગ્ન માટે ના પાડી દેતા અસ્મિતાને લાગી આવ્યુ હતું. તેથી તેણે બે પાનાનની સ્યૂસાઈટ નોટ છોડીને મોત વ્હાલું કર્યું હતું. અસ્મિતાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ગામમાં ચકચાર મચી ગઈ હતી. અસ્મિતાને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાઈ હતી, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. હાલ કેશોદ પોલીસે આ ઘટનામાં તપાસ શરૂ કરી છે. હું અસ્મિતા આ બધું મારા હાથે લખું છું. અત્યાર સુધીમાં એને મને બધું ખોટું જ કીધુ છે. હું તેનું બધું સાચું માનતી હતી. એણે મને બધું ખોટું બોલીને ભોળવી હતી. અત્યાર સુધી એને મને જેમ કીધું એમ મેં કર્યું. મેં મારાં મમ્મી-પપ્પાનું ન માન્યું અને એની વાત પર વિશ્વાસ કર્યો અને એણે મારા પર વિશ્વાસઘાત કર્યો. મારાં મમ્મી-પપ્પાનો કોઈ પણ વાંક નથી. બધું જ બરાબર હતું.

# ઉધના વિસ્તારમાં ભર બપોરે રોડ પર હત્યા કરવામાં આવી

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરતમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, ઉધના વિસ્તારમાં ભર બપોરે રોડ પર આ હત્યા કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. ૩૭ વર્ષીય યુવક બહેનને મળવા જઈ રહ્યો હતો તે દરમિયાન જ હુમલાખોરોએ ફિલ્મી સ્ટાઈલમાં યુવકની સ્કોર્પિયો કારની આગળ અને પાછળ કાર લાવીને ટક્કર મારી ઘેરી લીધો હતો. સુરતના ઉધના બી આર સી પાસે ભજન સિંગ નામના યુવક ની સરાજાહેર હત્યા કરાઈ હતી.યુવક પોતાની બહેન ને મળવા જતો હતો તે દરમ્યાન એક કારમાં હત્યારાઓ ફિલ્મી સ્ટાઈલ માં આવ્યા અને ભજન સિંગની કાર ને ટક્કર મારી ઉભી રાખવી દીધી હતી. ત્યારબાદ તલવારો સાથે ઉતરી અને ભજન સિંગ પર ક્રુરતા પૂર્વક હુમલો કર્યો હતો..અને તલવારથી ઘા મારીને ડાબો હાથ કાપી નાખ્યો હતો અને જમણા હાથની આંગળીઓ પણ કાપી નાખી હતી. એટલું જ નહીં ત્યારબાદ તેના ગળા પર પણ ઘા મારવામાં આવ્યો હતો. જેથી તેનું ગળું પણ કપાઈ ગયું હતું. મળતી માહિતી પ્રમાણે, ૩૭ વર્ષે ભજનસિંગ બેસ્તાનના વડોદ ગામ ખાતે પરિવાર સાથે રહેતો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨